ग्रंथमाला नंबर ७ मो.

# दंडक वृत्ति.

## मूल अने अवचूरि

( भाषांतर सहित ).

छपावी प्रसिद्ध करनार,

श्री जैन आत्मानंद सभा,


भावनगर.

वीर संवत २४३४, विक्रम संवत १९६४.

आत्म संवत १३.

श्री विद्या विजय प्रिन्टींग प्रेस—भावनगर.

# સ્વર્ગવાસી શ્રાવિકારત્ન બાઇ પારવતીબાઈ.



**જન્મ**
વિક્રમ સંવત્ ૧૯૦૪ના
ભાદરવા શુદ ૪.

**દેહોત્સર્ગ.**
વિક્રમ સંવત્ ૧૯૬૪ ના
કારતક શુદ ૧૦

શ્રાવિકારત્ન બાઈ પારવતીબાઈનું

ટુંક

# જીવન વૃતાંત

આ પવિત્ર પારવતીબાઈનો જન્મ વિક્રમ સંવત. ૧૯૦૪ ના ભાદરવા માસની શુકલ ચતુર્થીએ થયો હતો. આ સાધ્વી સ્રીનો જન્મ આપણા માંગલ્ય પર્વ સંવત્સરી પર્વના રોજ થવાથી તેમના માત પિતાને અત્યંત હર્ષ થયો હતો જ્યારથી પારવતી બાઇની નિર્દોષ બાલ્યાવસ્થાનો આરંભ થયો ત્યારથીજ તેમના પવિત્ર આત્મામાં ધર્મ શ્રદ્ધાનો ઉદ્ભવ સહજ થયો હતો, તેમનુ બાળ જીવન વિલક્ષણુ હતું. તેમના વચનમાં મધુરતા છવાઇ રહેલી હતી. હૃદયપર ધાર્મીકતાની છાપ જાણે પૂર્વ જન્મના સંસ્કારથી સંપાદિત થઇ હોય તેમ દેખાતી હતી. તેઓ સ્વભાવે ભોળા અને અંતઃકરણુ ઉજ્જ્વળ હતું. આવી આવી ઊત્તમ ભાવનાનો અનુભવ કરતાં એ બાળશ્રાવિકા વય વૃદ્ધિ પામતાં તેમનો વિવાહ સં ૧૯૧૮ની સાલમાં માંગરોળ વાળા શેઠ મોતીચંદ દેવચંદની સાથે થયો હતો, જેઓ હાલમાં વિદ્યમાન છે. શેઠ મોતીચંદભાઇ પણુ શુશિલ, માયાળુ અને ધર્મનિષ્ટ છે. પોતાની બુદ્ધિબળથી વેપારમાં અભ્યુદય પામી સારી લક્ષ્મી સંપાદન કરી છે. અને પોતાની મનુષ્ય જન્મની સાર્થકતા અનેક ધાર્મિક કાર્યોમાં લક્ષ્મીનો સદ વ્યય કરી કરેલી છે.

પવિત્ર પારવતી બાઇ શેઠ મોતીચંદભાઇના ઘરમાં પગ મુકતાંજ સાથેજ લક્ષ્મીને લાવ્યા હતા, એટલે કે તેમના શેઠના

ઘરમાં આવ્યા પછી શેઠને વેપારાદિ કાર્યોમાં લક્ષ્મીની વૃદ્ધિ પણ થતી આવી હતી.

પારવતી બાઇ જેમ જેમ પ્રૌઢ વયમાં આવવાની યોગ્યતા ધરાવવા લાગ્યા, તેમ તેમ તેમની મનોવૃત્તિમાં વિવિધ જાતના ગુણો સંપાદન કરવાની ઇચ્છાઓ પ્રગટ થતી હતી. તેમનો સ્વભાવ આનંદી હતો. અને સાથે ક્ષમા અને શાંતીનો ગુણ હતો અને ખાસ કરીને મોટો ગુણ દયાનો હતો કે જેને લઇને ગરીબ જૈન અને બીજા લોકોને દર વરસે હજારો રૂપીયાની ખાનગી સખાવત કરતા હતા, તે સિવાય તેમણે પોતાની જીંદગીમાં તીર્થ યાત્રા સંઘ સેવા અને સાધુ સાધ્વીની ભક્તિ નિમિત્તમાં પુષ્કળ દ્રવ્ય ખરચ્યું છે. જેથી તેઓ એક ધર્મ મુર્તિ હતા તેમ કહેવામા અતિશ્યોક્તિ બીલકુલ નથી. ઉપર મુજબના ધાર્મિક જીવનના સાઠ વર્ષ પુર્ણ થયા; અને જેમ મનુષ્યની અવિચળ સ્થિતિ રહેતી નથી તે મુજબ વિક્રમ સંવત ૧૯૬૪નો કારતક માસ આવ્યો જે વખતે પારવતીબાઇના આયુઃકર્મની અવધિનો આ છેલ્લો માસ હતો. પોતાની છેલ્લી અવસ્થાના દીવસોમાં પોતાના પતિ તેમજ પુત્રો વિગેરેને તમામ પ્રકારની સૂચના કરી પરમાત્માનું સ્મરણ કરતાં ચાલતી સાલના કારતક શુદ ૧૦ ના રોજ પોતાના પતિ ચાર પુત્રો વગેરે ૧૦૦ માણુસના કુટુંબને પાછલ મૂકી આ ફાની દુનિઆનો ત્યાગ કરી આ ધર્મ પરાયણ આત્મા આ ક્ષણિક દેહ છોડી દઇ સુકૃતનું ફળ ભોગવવા પર લોકમાં ચાલ્યો ગયો.

શ્રી માન ગૃહસ્થના ઘરમાં ઉછરેલી શ્રાવિકાઓએ પોતાનું જીવન કયે માર્ગે સાર્થક થશે એ જાણવું હોય તો તેમણે આવી આવી ઉત્તમ શ્રાવિકાઓનું અલ્પ જીવન ચરિત્ર વાંચી જોવાની અને તેનું અનુકરણ કરવાની, તેમજ દુનિયામાં આવા જે દૃષ્ટાંત રૂપે ઉત્તમ નમુનાઓ ( શ્રાવિકાઓ ) હોય તેમનું અવલોકન કરી

તેમના ચારિત્ર પ્રમાણે ચાલવાની પ્રેરણા કરવા ભલામણ કરીએ છીએ.

સ્વર્ગવાસી પારવતી બાઇની પાછળ તેમના પતિ શેઠ મોતીચંદ દેવચંદ તરફથી રૂા, ૧૫૦૦૦) ની મોટી રકમ ધર્મ કાર્યને માટે વાપરવામાટે અર્પણ કરેલ છે જેના સદઉપયોગથી એ સ્વર્ગવાસી ધર્માત્માને ઉદ્દેશીને ઉત્તમ પુણ્ય સંપાદન થશે.

# ઉપોદ્ઘાત

શ્રી જૈન દર્શન રૂપ કલ્પવૃક્ષને ચાર અનુયોગ રૂપ શાખાઓ છે. જેમાં દ્રવ્યાનુયોગ મુખ્ય શાખા છે. આ ગ્રંથ તેનો એક અંશ છે. આ ગ્રંથની અવચૂરી વિક્રમ સંવત ૧૫૭૯ના વર્ષમાં શ્રી પાટણ શહેરમાં શ્રી જિન હંસસૂરિના પરિવારના વિષે શ્રીધવલચંદ્ર નામના ઉપાધ્યાયના શિષ્ય ગજસાર નામના મુનિએ પૂર્ણ કરેલી છે. જેની સુંદર અને શુદ્ધ પ્રત અમારા વાંચવામાં આવતાં માલુમ પડયું કે આ અવચૂરિનું સંસ્કૃત એવું તો સરલ અને રસિક છે કે, આ ગ્રંથનું અધ્યયન કરનારને આનંદ સાથે કંઠાગ્ર કરવાની જીજ્ઞાસા થાય તેવું છે. જેથી તેનું મૂળ તથા અવચૂરિ સાથે ભાષાંતર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે; જેમાંદરેક ગાથા અને ભેદોની વ્યાખ્યા સ્પષ્ટ અને સંક્ષિપ્ત સ્વરૂપમાં બતાવવામાં આવેલ છે.

આવા પઠન પાઠન કરવા માટે અત્યુત્તમ ઉપયોગી દ્રવ્યાનુયોગના ગ્રંથો અમારા તરફથી પ્રસિદ્ધ થતાં શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને દરવર્ષે ભેટ આપવામાં આવે છે, તેજ મુજબ આ વર્ષના ગ્રાહકોને પણ ભેટ આપવા માટે આ ગ્રંથ પ્રગટ કરવામાં આવેલ છે.

શહેર માંગરોળના વતની અને ધંધા અર્થે હાલમાં મુંબઇમાં વસતા શેઠ મોતીચંદ દેવચંદે પોતાની સ્વર્ગવાસી પત્નિ બાઇ પારવતી બાઇના સ્મરણાર્થે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં એક સારી રકમ આ સભાને ભેટ આપેલ છે. તેથી તેમને ખરે ખરો ધન્યવાદ ઘટે છે. કારણ કે પોતાના પ્રિયજનનું જ્ઞાનદાન આપવામાં કે તેના ઉત્તેજન અર્થે જે સ્મારક કરવું તેનાથી બીજું કોઇપણ ઉત્તમ કાર્ય હોઇ શકે નહીં.

આ ગ્રંથનું ભાષાંતર કરવામાં તેમજ છપાવવાની બાબતમાં પુરતી કાળજી રાખેલી છે, છતાં દૃષ્ટિદોષથી કોઇપણ ભૂલ રહી ગયેલી માલુમ પડે તો સુજ્ઞ જનો સુધારી વાંચશે અને માફ કરશે અને અમોને લખી જણાવશે એવી વિનંતી છે.

વીર સંવત ૨૪૩૪
આત્માનંદ ભુવન
વૈશાક શુદી ૧૧

લી.
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

ॐ नमः श्रीपार्श्व नाथाय.

# दंडकविचार.

अथवा,

## विचार षट् त्रिंशिका.

## ( स्वोपज्ञ अवचूर्णि सहिता. )

अवचूर्णि— श्रीवामेयं महिमामेयं प्रणीधाय बालधीगम्याम्। स्वोपज्ञं कूर्वेऽहं विचारषट् त्रिंशिका विवृतिम् ॥ १ ॥

મહિમાથી ન માપી શકાય એવા એટલે અપરિમિત મહિમા વાલા, એવા શ્રીવામાદેવીના પુત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ધ્યાન કરી બાલ બુદ્ધિથી જાણી શકાય તેવી વિચાર ષટ્ત્રિંશિકાની સ્વોપજ્ઞ અવચૂર્ણિ હું કરૂંછું. १

इह चतुर्विंशतिदंडकेषु प्रत्येकं संक्षिप्त संग्रहणी २४ पदानामवतारणं चिकीर्षितं तच्चार्हद्विज्ञप्ति द्वारा प्रकटयन्नाह सूत्रकृत् सूत्रम्

આ ગ્રંથમાં ચોવીશ દંડકમાં પ્રત્યેક દંડકના સંક્ષેપવાલા સંગ્રહણીના ચોવીશ પદોનું અવતારણ કરવાને ઇચ્છેલું છે, તે અર્હત ભગવાન્ની વિજ્ઞપ્તિ દ્વારાએ પ્રગટ કરતા સૂત્રકાર નીચેનું સૂત્ર કહેછે.

## मूल.

**नमिउं चउवीस जिणे तस्सुत्त वियार लेस दे-**
**सणओ**
**दंडक पएहिं ते च्चिय, थोसामि सुणेह भो**
**भव्या ॥ १ ॥**

**ભાવાર્થ**—ચોવીશ જિનોને નમસ્કાર કરીને તેમના આગમ માં કહેલા જે વિચારો તેમાંથી લેશમાત્ર કથન કરવાને માટે દંડક નામના ચોવીશ અવસ્થાનોની સાથે હું તેમની સ્તુતિ કરીશ માટે હે ભવ્યો, તમે સાંભલો. ॥ ૧ ॥

**नत्वा मनोवाक्कायैः प्रह्वीभूय**
નમસ્કાર કરીને એટલે મન; વચન કાયાથી નમ્ર થઈને

**कान् ?** કોને નમસ્કાર કરીને ?

**चतुर्विंशतिजिनान् ।** ચોવીશ તીર્થંકરોને.

**अत्र भरते सांप्रतीनावसर्पिणीमाश्रित्यान्यथातीतानागतकालाः पंचदशकर्मभूमीश्च प्रतीत्य जिनबहुत्वापत्तेः अर्हतानेव जिनान् स्तोष्ये ।**

આ ભરતખંડમાં હાલ ચાલતા અવસર્પિણી કાલને આશ્રીને શ્રીઋષભાદિક ચોવીશ જિનોનેજ હું સ્તવીશ કારણકે, નહીંતો અતીત અનાગત કાલે પંદર કર્મભૂમિને વિષે ઘણાં જિનો છે, પરંતુ આદિનાથ વિગેરે જિનોનીજ સ્તુતિ કરીશ.

**कुतः**

શામાટે તેમની સ્તુતિ કરીશ?

तेषां सूत्रमागमो जिनागमस्तच्चेह "सरीर-मोगाहणाय संघयणा" सएसेत्यादिरूपं तस्य विचारो विचारणं तस्य लेशोंऽशस्तस्य देशनतः कथनतः।

તે જિન ભગવતના સૂત્ર જે આગમ—જિનાગમ એટલે "शरीरमोगाहणाय" ઇત્યાદિ સૂત્ર રૂપ આગમ, તેનો જે વિચાર તેના દેશમાત્ર કહેવાથી.

कैः सह?

તે કોની સાથે સ્તુતિ કરીશ?

दंडकपदैः श्रीभगवत्यादिसूत्रोक्त "नेरइयाअसुराई" इत्यादि गाथाक्रमनिबद्धदंडकसंज्ञित २४ जीवस्थानैः॥

દંડક પદવડે એટલે શ્રી ભગવતી વિગેરે સૂત્રમાં नेरइया કહેલ ઇત્યાદિ ગાથાઓમાં અનુક્રમે બાંધેલા દંડક નામના ચોવીશ જીવોના સ્થાનોની સાથે તેમને સ્તવીશ.

शृणुत भो भव्याः इति।

હે ભવ્ય પ્રાણીઓ, તે તમે સાંભલો.

(ઉપરનુ પદ શામાટે કહ્યું, તે કહેછે.)

"अप्रतिबुद्धे श्रोतरि वक्तुर्वाचः प्रयांति वैफल्यं" इतिवचनात् श्रोतृसंमुखीकरणार्थं॥ १॥

"જો શ્રોતા સાવધાન થઇને સાંભલે નહીં તો કહેનારનું વચન નિષ્ફલ થાય છે," એવુ વચન છે, માટે ઉપરનું વચન શ્રોતાઓને

સન્મુખ કરી સાવધાન કરવાને માટે કહેલુ છે. ૧

## अथ दंडकनामान्याह

હવે દંડકના નામ કહેછે.

### मूल.

**नेरइआ असुराई. पुढवाई बेइंदियादउ चेव ।**
**गब्भयतिरिय मणुस्सा, वंतर जोइसिय वे-**
**माणी ॥ २ ॥**

ભાવાર્થ—નારકીનો એક દંડક, અસુરાદિ વિગેરે દશ નિકાયના દશ દંડક, પૃથ્વી વિગેરે પાંચ ભેદવાલા જીવના પાંચ દંડક, બે ઇંદ્રિય વગેરે ત્રણ વિકલેંદ્રિય જીવોના ત્રણ દંડક, ગર્ભજ એવા તિર્યંચ અને ગર્ભજ એવા મનુષ્યના મલીને બે દંડક, વ્યંતરદેવતાનો એક દંડક, જ્યોતિષ્કદેવતાનો એક દંડક અને વૈમાનિકદેવતાનો એક દંડક—એ ચોવીશ દંડક થયા. ૨

**सप्त पृथिवीनारकाणामेको दंम्कः ।**

નારકીની સાત પૃથ્વીઓનો એક દંડક છે.

**भवनपतीनामसुरादि दशदश निकायभेदा दश दंम्काः ।**

ભવનપતિઓના અસુર વિગેરે દશ નિકાયના ભેદથી દશ દંડક છે.

**पृथ्व्यादीनां पंच ।**

પૃથ્વી વિગેરે પાંચ ભેદવાલા સ્થાવર જીવોના પાંચ દંડક છે.

**विकलानां त्रयः ।**

બે ઇંદ્રિય વિગેરે વિકલેંદ્રિય જીવોના ત્રણ દંડક છે.

गर्भजतिर्यक्मनुष्यज्योतिष्कवैमानिका एकैकदंडकाश्चैते सर्वे २४।

ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, જ્યોતિષી અને વૈમાનિકના એક એક દંડક છે, એ સર્વ મલીને ચોવીશ દંડક થાય છે.

इह सूक्ष्मा अपर्याप्तकाश्च प्रायो नाधिक्रियंते ॥ २ ॥

આહીં સૂક્ષ્મ અને અપર્યાપ્ત જીવો ઘણુ કરીને લીધેલા નથી ૨

शरीरादि चतुर्विंशतिद्वाराणां

नामस्वरूपं गाथाद्वयेनाह ।

હવે શરીર વિગેરે ચોવીશ દ્વારોના નામનું સ્વરૂપ બે ગાથાથી કહે છે.

मूल.

संखित्तयरीउ इमा, सरीर मोगाहणाय संघयणा ।

सन्नासं ठाण कसाय, लेस इंदिय दु समुग्घाया ॥ ३ ॥

दिठी दंसण नाणे, जोगुवओगो ववाय चवणठिइ ॥ ॥

पज्जत्ति किमाहारे, संन्नीगइ आगइ वेए ॥४॥

ભાવાર્થ

પેહેલું શરીરદ્વાર, બીજું અવગાહનાદ્વાર, ત્રીજું, સંઘયણા

દ્વાર, ચોથું સંજ્ઞાદ્વાર, પાંચમું સંસ્થાનદ્વાર, છઠ્ઠું કષાયદ્વાર, સાતમુ લેશ્યાદ્વાર, આઠમું ઈંદ્રિયદ્વાર, નવમું દ્વિસસુદ્ઘાતદ્વાર, દસમુ દૃષ્ટિદ્વાર, અગીઆરમું દર્શનદ્વાર, બારમું જ્ઞાનદ્વાર, તેરમું અજ્ઞાનદ્વાર, ચૌદમું યોગદ્વાર, પંદરમું ઉપયોગદ્વાર, સોળમું ઉપપાતદ્વાર, સત્તરમુ ચ્યવનદ્વાર, અઢારમુ સ્થિતિદ્વાર, ઓગણીશમુ પર્યાપ્તિદ્વાર, વીશમુ કિમાહારદ્વાર, એકવીશમુ સંજ્ઞીદ્વાર, બાવીશમું ગતિદ્વાર, ત્રેવીશમું આગતિદ્વાર, અને ચાવીશમુ વેદ દ્વાર, આ શરીર વગેરે ચાવીશ દ્વારો સંક્ષેપથી કહેલા છે. ૩–૪

# अवचूरि

द्वारगाहा दुगंइति द्वारगाथाद्वयं लघुसंग्रहणीसत्कमिहैषामेव पदानां विचारणीयत्वात् षट्त्रिंशिकायां लिखितं ।

આ બે દ્વાર ગાથા લઘુ સંગ્રહણી નામના પ્રકરણમાંથી લીધેલી છે, એના પદો વિચારવા યોગ્ય હોવાથી અહીં આ ષટ્ત્રિંશિકામાં લખેલા છે.

व्याख्यालेशश्च यथा ।

તેની વ્યાખ્યાનો લેશ આ પ્રમાણે છે.

स्वाभाविकाशरीरं औदारिक १ वैक्रिय २ आहारक ३ तैजस ४ कार्मण ५ भेदात्पंचधा ।

૧ ઔદારિક ૨ વૈક્રિય ૩ આહારક, ૪ તૈજસ અને કાર્મણ —એ પાંચ ભેદથી શરીર દ્વાર પાંચ પ્રકારનું છે.

एषाचावगाहना तनूच्छ्रयमानं जघन्यमध्यमोत्कृष्टभेदात्त्रिधा ।

એ શરીરની અવગાહના એટલે શરીરની ઉંચાઇનું માન તે જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ભેદથી ત્રણ પ્રકારે છે.

**कर्मग्रंथकाभिप्रायेण स्थिररचनाविशेषः संहननं तच्च षोढा ।**

કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે જે શરીરની એકજાતની સ્થિર રચના એટલે બાંધો તે સંહનન કહેવાયછે તે સંહનન ૭ પ્રકારનું છે:

**वज्रऋषभनाराच १ ऋषभनाराच २ नाराच ३ अर्द्धनाराच ४ कीलिका ५ सेवार्त्त ६ भेदात् ।**

૧ વજ્ર ઋષભનારાચ, ૨ ઋષભનારાચ, ૩ નારાચ, ૪ અર્દ્ધ, નારાચ ૫ કીલિકા અને ૬ સેવાર્ત એવા ભેદથી ૭ પ્રકારનું છે.

**संहननादिलक्षणं तल्लक्षणशास्त्रादवसेयं । ३**

તે સંહનન વિગેરેના લક્ષણ લક્ષણોને દર્શાવનારા શાસ્ત્રમાંથી જાણી લેવા.

**संज्ञाश्चतस्रः आहार १ भय २ मैथुन ३ परिग्रह ४ लक्षणाः अथवा दश एतास्वेव क्रोध ५ मान ६ माया ७ लोभ ८ लोक ९ ओघ संज्ञा १० क्षेपात् ॥ ४ ॥**

સંજ્ઞા ચાર પ્રકારની છે. ૧ આહાર, ૨ ભય, ૩ મૈથુન, અને ૪ પરિગ્રહ એવા તેના નામ છે. અથવા એની અંદર ૫ ક્રોધ, ૬ માન, ૭ માયા, ૮ લોભ, ૯ લોક અને ૧૦ ઓઘ એ ૭ ઉમેરવાથી તેના દશ ભેદ પણ થાય છે.

**अथ संस्थानानि समचतुरस्र १ न्यग्रोध २ सादि ३**

**वामन ४ कुब्ज, ५ हुंम ६ भेदात् षड्विधानि. ५**

१ समचतुरस्र, २ न्यग्रोध, ३ सादि, ४ वामन, ५ कुब्ज, ६ हुंड-એવા ભેદથી સંસ્થાન ૭ પ્રકારના છે.

**कषायाश्च क्रोध १ मान २ माया ३ लोभा श्चत्वारः ४**

૧ ક્રોધ, ૨ માન, ૩ માયા અને ૪ લોભ એ ચાર કષાય કહેવાય છે.

**लेश्याः षट्कृष्ण १ नील २ कापोत ३ तेजः ४ पद्म ५ शुक्ल ६ रूपाः परमत्रता द्रव्यलेश्या अवस्थिता विचार्याः न भावरूपाः ७**

લેશ્યાઓ ૭ છે, ૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત, ૪ તેજ, ૫ પદ્મ અને ૬ શુકલરૂપ, પરંતુ એ ૭ લેશ્યાઓ અહીં દ્રવ્યરૂપ છે એમ સમજવું, ભાવ રૂપ નથી.

**इंद्रियाणि पंचस्पर्शन १ रसन २ घ्राण ३ चक्षुः ४ श्रोत्र, ५ रूपाणि । ८ ।**

૧ સ્પર્શન, ૨ રસન (જીભ), ૩ ઘ્રાણ (નાસિકા) ૪ ચક્ષુ અને ૫ શ્રોત્ર (કાન) એ પાંચ ઈંદ્રિયો છે.

**द्वौ समुद्घातौ सम्यवहननमात्मप्रदेशविकरणं समुद्घातः सचाजीवविषयोऽचित्तमहास्कंधरूपः अन्यो जीवविषयः ।**

સમુદ્ઘાત બે પ્રકારનાછે આત્માના પ્રદેશ શરીરથી વિકરણ —બાહેર નીકલેછે તે સમુદ્ઘાત કહેવાયછે. તેમાં જે અજીવ સંબંધી સમુદ્ઘાતછે, અચિત્તનો મહાસ્કંધ રૂપછે અને બીજો જીવ સંબંધી સમુદ્ઘાતછે.

सः सप्तधा ॥ वेयण १ कसाय २ मरणे, ३ वेउ-व्विय ४ तेउएय ५ आहारे ६ । केवलिए ७ चेवभवे, जीवमणु स्साणसत्तेवेत्ति ॥ १ ॥

તે સાત પ્રકારનોછે — તે નીચે પ્રમાણે.

૧ પહેલી વેદના સમુદ્‌ઘાત, ૨ બીજી કષાય સમુદ્‌ઘાત, ૩ ત્રીજી મરણ સમુદ્‌ઘાત, ૪ ચોથી વૈક્રિય સમુદ્‌ઘાત, ૫ પાંચમી તૈજસ સમુદ્‌ઘાત, ૬ છઠ્ઠી આહાર સમુદ્‌ઘાત, અને ૭ સાતમી કેવલી સમુદ્‌ઘાતછે. —એ સાત સમુદ્‌ઘાત મનુષ્ય જીવોને હોયછે. ૧

दृष्टिस्त्रिधा मिथ्यात्वसम्यक्त्वमिश्रभेदात् । १० ।

દૃષ્ટિ ત્રણ પ્રકારનીછે ૧ મિથ્યાત્વ દૃષ્ટિ, ૨ સમ્યકત્વ દૃષ્ટિ, અને ૩ મિશ્ર દૃષ્ટિ.

दर्शनं चक्षु १ अचक्षु २ अवधि केवल ४ भेदात् चतुर्विधं । ११ ।

૧ ચક્ષુ દર્શન, ૨ અચક્ષુ દર્શન, ૩ અવધિ દર્શન, અને ૪ કેવલ દર્શન એવા ભેદથી દર્શન ચાર પ્રકારનું છે.

ज्ञानं मतिश्रुतावधिमनःपर्यायकेवलभेदात् पंचधा । १२ ।

૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યાયજ્ઞાન, અને ૫ કેવલજ્ઞાન —એવા ભેદથી પાંચ પ્રકારનું જ્ઞાન છે.

अत्र ज्ञानसाहचर्यादनुक्तमप्यज्ञानं ग्राह्यं तच्च त्रिधा मत्यज्ञानं श्रुताज्ञानं विभंगज्ञानरूपं । १३ ।

અહીં અજ્ઞાન કહેલું નથી તો પણ જ્ઞાનના સાહચર્યથી ગ્રહણ

કરવું. તે ૧ મત્યજ્ઞાન, ૨ શ્રુતાજ્ઞાન અને ૩ વિભંગજ્ઞાન એમ ત્રણ—પ્રકારનું છે.

**योगाः पंचदश चतुर्द्धा मनोयोगः ।**

યોગ પંનર પ્રકારનાછે, તેમાં મનોયોગ ચાર પ્રકારનોછે.

**तद्यथा** તે નીચે પ્રમાણે છે—

**पटे पटोऽयमित्यादि चिंतयतः सत्य मनोयोगः**

વસ્ત્રને જોઇને, "આ વસ્ત્ર છે" એમ ચિતવવું, એ પેહેલો સત્ય મનોયોગ કહેવાયછે.

**घटे पटोऽय मित्यादि चिंतयतः असत्यमनो योगः ।**

ઘડાની અંદર "આ વસ્ત્ર છે" એમ ચિતવવું, તે બીજો અસત્ય મનો યોગ કહેવાયછે.

**नगरे दारकपंचके जाते पंच सप्त दारका जाता इत्याद्यनुचिंतयतः सत्यामृषामनोयोगः ।**

કોઈ નગરમાં પાંચ છોકરા થયા હોય, તે છતાં "પાંચ છો છોકરા થયા" એમ ચિંતવવુ, તે સત્યામૃષા નામે ત્રીજો મનો-યોગ કહેવાય છે,

**देवदत्तोऽयमित्यादि चिंतयतोऽत्यसामृषा मनो योगः**

"આ દેવદત્ત છે" એમ ચિતવવું, તે "અસત્યામૃષા" નામે ચોથો મનોયોગ કહેવાયછે.

**अथ वाचा चतुष्टयमाह ।**

હવે ચાર પ્રકારની વાણી કહેછે.

सत्यासत्यासत्यामृषा असत्याऽमृषा
इति भाषाचतुष्टयम् ।

१ સત્યા, ૨ અસત્યા, ૩ સત્યામૃષા, ૪ અસત્યામૃષા. એ ચાર પ્રકારની ભાષાછે.

घटे घटोऽयमिति सत्या १ घटे पटोऽयमित्यसत्या २ जीर्णधान्यराशौ बहु जीवान् दृष्ट्वा सर्वे जीवा इति वदतः सत्यामृषा मिश्रापरपर्याया ३ आगच्छ भो देवदत्त इत्यसत्या मृषा ४ एतद्वाक् चतुष्टयं भवति ।

૧ ઘડાને કહેવું કે, "આ ઘડોછે" એ પેહેલી સત્યાભાષા. ૨ ઘડાને " આ વસ્ત્રછે " એમ કહેવું, તે બીજી અસત્યા ભાષા૩ જીર્ણ થઈ ગયેલા ધાન્યના ઢગલામાં ઘણી જીવાત જોઇને " આ બધા જીવ છે" એમ કહેવું, એ ત્રીજી સત્યામૃષા ભાષા, તેનું મિશ્રા એવું બીજું નામ પણ છે. ૪ " હે દેવદત્ત આવ્ય " એમ કહેવું, તે અસત્યા અમૃષા નામે ચોથી ભાષા—એવી રીતે ચાર પ્રકારની ભાષા—વાણી થાયછે.

अथ तनुसप्तकमाह ॥

હવે સાત પ્રકારના શરીર કહેછે.

औदारिक १ औदारिक मिश्र २ वैक्रिय ३ वैक्रिय मिश्र ४ आहारक ५ आहारक मिश्र ६ तैजस कार्मण रूपः सप्तधा काययोगः । १४ ।

૧ ઔદારિક શરીર, ૨ ઔદારિક મિશ્રશરીર, ૩વૈક્રિય શરીર,

४ वैक्रिय मिश्र शरीर, ૫ આહારક શરીર, ૬ આહારક મિશ્ર, ૭ તૈજસ કાર્મણ શરીર—એ સાત પ્રકારે કાય યોગ (શરીર) કહેવાયછે.

**उपयोगो द्विधा तत्र ज्ञानाज्ञानभेदाष्टकरूपः साकारोपयोगश्चतुर्भेददर्शनरूपोऽनाकारोपयोगः संयोगे द्वादश । १५ ।**

ઉપયોગ બે પ્રકારનોછે. ૧ સાકારોપયોગ અને ૨ અનાકારોપયોગ. સાકારોપયોગ જ્ઞાન અજ્ઞાનના આઠ ભેદ રૂપછે અને બીજો નિરાકાર ઉપયોગ ચાર ભેદ વાલા દર્શન રૂપ છે તે બંનેના ભેદનો સાથે યોગ કરવાથી તેના બાર ભેદ થાયછે.

**एकसमये उत्पद्यमानानां च्यवमानानां च संख्येति द्वारद्वयं । १६ । १७ ।**

એક સમયને વિષે ઉત્પન્ન થતા એવા જીવો તેની સંખ્ય અને એક સમયને વિષે ચ્યવતા એવા જીવોની સંખ્યા, એ ઉપપાત અને ચ્યવન નામે બે દ્વાર જાણવા.

**स्थितिरायुषो जघन्योत्कृष्टमाना । १८ ।**

આયુષ્યની જઘન્ય અને ઉત્કૃષ્ટ માન વાલી સ્થિતિ.

**आहारादिग्रहणशक्तयः पर्याप्तयः ।**

આહાર વિગેરેને ગ્રહણ કરવાની શક્તિઓ તે પર્યાપ્તિઓ કહેવાયછે.

**ताश्च षट् आहार १ शरीर २ इंद्रिय ३ श्वासोच्छ्वास ४ भाषा ५ मनः स्वरूपाः । १९ ।**

તે ૧ આહાર, ૨ શરીર, ૩ ઇંદ્રિય, ૪ શ્વાસોચ્છ્વાસ, ૫ ભાષા અને મનઃ—એ ૭ પર્યાપ્તિઓ છે.

के जीवाः कतिभ्यो दिग्भ्य आगतमाहार द्रव्यमाहारयंतीति किमाहारः । २० ।

કયા જીવો કઈ દિશાઓમાંથી આવેલા આહાર દ્રવ્યનો આહાર કરે છે? એમ બતાવવું, એ કિમાહાર દ્વાર કહેવાય છે.

विशिष्टाः संज्ञास्तिस्त्रः ।

સંજ્ઞાદ્વારના વિશિષ્ટ એવી જે સંજ્ઞા તે ત્રણ પ્રકારની છે.

तत्र यया त्रिकालविषयमर्थं जानाति सा-दीर्घकालिकी समनस्कानामेव

તેમાં જેનાથી ત્રણ કાલના વિષયના અર્થ જાણી શકાય તે પેહેલી દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાયછે, તે સંજ્ઞા પંચેંદ્રિય પર્યાપ્તા જીવનેજ હોયછે.

यश्च स्वदेहपालनाहेतोरिष्टवस्तुषु प्रवर्त्तते अहिताच्च निवर्त्तते वर्त्तमानकालविषयं च चिंतनं यस्य तस्य हेतुवादोपदेशिकी संज्ञा द्वीं-द्रियादीनामेव । २ ।

જે જીવ પોતાના દેહનું પાલન કરવા માટે પોતાને ગમતી વસ્તુઓમાં પ્રવૃત્તિ કરે અને અહિત વસ્તુમાંથી નિવૃત્તિ થાય, તેમજ તેનું ચિંતવન વર્ત્તમાન કાલને વિષે રહ્યા કરે, તેને બીજી હેતુવાદોપદેશિની સંજ્ઞા કહેછે. તે સંજ્ઞા બેરિંદ્રિય વગેરે જીવોનેજ હોયછે.

यश्च सम्यग् दृष्टिः क्षायोपशमिकज्ञान युक्तो यथाशक्ति रागादिनिग्रहपरः तस्य दृष्टिवादो

पदेशिकी । ३१ ।

જે જીવ સમ્યગ્દ્રષ્ટિ ક્ષાયોપ શમિક જ્ઞાનવાળો અને પોતાની બનતી શક્તિવડે રાગ વિગેરેનો નિગ્રહ કરવામાં પરાયણ રહેતો હોય તેને ત્રીજી દૃષ્ટિ વાદોપદેશિકી સંજ્ઞા હોયછે.

गतिः नवांतरगमनं । २२ ।

બીજા ભવને વિષે જવુ, તે ગતિદ્વાર કહેવાયછે.

आगतिः परनवात् आगमनं । २३ ।

પર ભવમાંથી જે આવવું, તે આગતિદ્વાર કહેવાયછે.

वेदश्च स्त्रीपुंनपुंसकनेदात् त्रिधा ॥ २४ ॥

સ્રીવેદ, પુરૂષવેદ, અને નપુંસકવેદ—એમ ત્રણ પ્રકારે વેદદ્વારછે.૪

अथ एतानि द्वाराणि २४ दंडकेषु अवतारयीत

એ ચોવીશ દ્વાર ચોવીશ દંડકોની અંદર ઘટાવેછે.

तत्र तावत् शरीरद्वारं कथ्यते ॥

તેમાં પ્રથમ શરીર દ્વાર કહેછે.

मूल

चउ गब्भ तिरिय वाउसु, मणुआणं पंच-
सेस तिसरीरा ।
थावर चउगं दुहओ, अंगुल असंख भा-
गतणू ॥ ५ ॥

**ભાવાર્થ**–ગર્ભજ તિર્યંચ અને વાયુ કાય–એ બે દંડકામાંઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ–એ ચાર શરીર હોયછે. મનુષ્યના એક દંડકમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ અને આહારક–એ પાંચ શરીર હોયછે અને બાકીના એકવીશ દંડકામાં ત્રણ શરીર હોયછે એટલે દેવતાના તેર દંડક અને નારકીનો એક—એ ચૌદ દંડકમાં વૈક્રિય, તૈજસ અને કાર્મણ એત્રણ શરીર હોયછે તથાએક વાયુ કાય વિના ચાર સ્થાવરના ચાર દંડક તેમજ ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક—એ સાત દંડકને વિષે ઔદારિક, તૈજક અને કાર્મણ –એ ત્રણ શરીર હોયછે, વનસ્પતિ કાય શિવાય બીજા ચાર સ્થાવરને વિષે ઉત્કૃષ્ટથી અને જઘન્યથી એમ બે પ્રકારનું શરીર છે તે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણે હોયછે. ૫

## अवचूर्णी

'दुव्वयणे बहु वयणं' इति प्राकृतलक्षणेन गर्जजतिर्यक्वाय्वोश्चत्वारि शरीराणि जवंति संज्ञव एव न जवंत्येवेति निश्चयः एवं सर्वत्रापि ज्ञेयं।

એ પ્રાકૃત વ્યાકરણના નિયમથી દ્વિવચનમાં બહુ થાયછે તેથી ગર્ભજ તિર્યંચ તથા વાયુના ચાર શરીર થાયછે એમ સંભવ છતાં ન જ થાય, એવો નિશ્ચયછે, એવી રીને બધે ઠેકાણે જાણી લેવુ.

आहारकत्यागेन कदाचित्तयोर्वैक्रियकरणे न च चतुर्णां संज्ञवः।

તે ગર્ભજ તિર્યંચ અને વાયુ કાયને આહારક શરીરના ત્યાગથી અને કદાચિત્ વૈક્રિય શરીરના કરવાથી ચાર શરીરનો સંભવ છે.

**मनुष्याणां पंचापि ।**

મનુષ્યના એક દંડકમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ અને આહારક—એ પાંચ શરીરો હોયછે.

**शेषा दंडका स्त्रिशरीराः ।**

બાકીના એકવીશ દંડકના જીવોને ત્રણ શરીર હોયછે.

**[1]औदारिकयुक्ताभ्यां वैक्रिययुक्ताभ्यां वा तैजसकार्मणाभ्याम् ।**

ઔદારિક સરીરે યુક્ત અથવા વૈક્રિય શરીરે યુક્ત એવા તૈજસ અને કાર્મણ શરીરોની સાથે તે જાણવું.

(ઇતી પ્રથમ દ્વાર)

**स्थावरचतुष्के पृथिव्यप्तेजोवायुरूपे द्विहतोक्तिद्वाभ्यां प्रकाराभ्यां जघन्योत्कृष्टरूपाभ्यां अंगुलासंख्यभागमाना तनुः ।**

પૃથ્વી, અપ્ તેજ અને વાયુરૂપ ચાર સ્થાવરને વિષે ઉત્કૃષ્ટ અને જઘન્ય એ બે પ્રકારે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણે શરીર હોયછે.

**यद्यपि बादराणां वाताग्न्यप् पृथिवीनां शरीराणि मिथोंगुलासंख्यगुणवृद्धानि तथापि यथोक्तमानान्येव ।५।**

---

१ નારકીનો એક દંડક અને દેવતાના તેર દંડક—એ ચૌદ દંડકમાં—વૈક્રિય, તૈજસ અને કાર્મણ—એ શરીર છે. વાયુકાય વિના ચાર સ્થાવરના ચાર દંડક તેમજ ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક—એ સાત દંડકને વિષે ઔદારિક, તૈજસ અને કાર્મણ—એ ત્રણ શરીર હોયછે.

જોકે બાદર એવા વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી—એ ચાર સ્થાવર શરીરો પરસ્પર અંગુલના અસંખ્યાત ગુણે વધતા છે, તોપણ તેમનું માન જે કહેલછે, તે પ્રમાણેજ છે. ૫

## मूल.

सव्वेसंपि जहन्ना, साहाविय अंगुलस्स संखस्सो।
उक्को० पणसयधणु, नेरइयासत्तहथ्थसुरा ॥६॥

ભાવાર્થ—સર્વ બાકીનાવીશ દંડકનેવિષે પણજઘન્યથી શરીરનું માન સ્વભાવિક અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે, અને તેઓમાં ઉત્કૃષ્ટથી શરીરનું માન નારકીના દંડકમાં પાંચસો ધનુષ્યનું છે અને દેવતાના તેર દંડકમાં શરીરનું માન સાત હાથનું છે. ૬

## अवचूर्णि

शेषानां सर्वेषां विंशति दंडकजीवानां।

બાકી રહેલા સર્વ વિશ દંડકના જીવોના (શરીરનું માન.)

स्वाभाविकस्य मौलस्य शरीरस्य जघन्यावगाहना अंगुलस्यासंख्यातो भागः।

જઘન્યથી સ્વાભાવિક મૂલ શરીર—આરંભતી વેલાયે—તેનું માન અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે.

उत्कृष्टतः पुनः पंचशतधनुरुच्चा नैरयिकाः।

ઉત્કૃષ્ટથી નારકીના એક દંડકને વિષે શરીરની ઊંચાઈનું માન પાંચસો ધનુષ્યનું છે.

सुराः सप्तहस्तोच्चाः।

દેવતાના તેરદંડકે શરીરનું માન સાત હાથનું છે.* ૬

## मूल.

**गब्भतिरि सहस्स जोयण, वणस्सइ अहिय जोयण सहस्सं ।**
**नर तेइंदितिगाऊ, बे इंदिय जोयणे बार ॥ ॥ ७ ॥**

**ભાવાર્થ**—ગર્ભજ તિર્યંચમાં શરીરનું માન એક હજાર યોજનનું છે, પ્રત્યેક વનસ્પતિ કાય જીવોના શરીરનું માન એક હજાર યોજનથી કાંઈક અધિક છે. ગર્ભજ મનુષ્ય અને તેરિંદ્રિ જીવોના શરીરનું માન ત્રણ ગાઉનું છે અને બે ઇંદ્રિય જીવોના શરીરનું માન બાર યોજનનું છે. ૭

## अवचुर्णि

**गर्भजतिरश्चां मत्स्यादोनां योजनसहस्रं ।**

ગર્ભજ તિર્યંચ જે મત્સ્ય વગેરે જીવો તેના શરીરનું માન એક હજાર યોજનનું છે.

---

*અહીં સાતે નારકીનું જુદું જુદું શરીરનું માન સમજવું. સાતમી નારકે પાંચસો ધનુષ્ય, છઠીએ અઢીસો ધનુષ્ય, પાચમીએ સવાસો ધનુષ્ય, ચોથીએ સાડીબાસઠ ધનુષ્ય, ત્રીજીએ સવાએકત્રીશ ધનુષ્ય, બીજીએ સાડાપંદર ધનુષ્ય, અને પેહેલીએ પોણાઆઠ ધનુષ્ય અને ૭ આંગલ. એ પ્રમાણે સમજવું દેવતામાં પેહેલા તથા બીજા દેવલોક સુધી સાતહાથનું, ત્રીજા ચોથામા ૭ હાથનું, પાંચમા તથા છઠામાં પાંચ હાથનું, સાતમાં તથા આઠમાગાં ચાર હાથનું, નવમા અને દશમા અગીયારગા અને બારમામાં ત્રણ હાથનું નવગ્રે વેયકમાં બે હાથનું અને પાંચ અનુત્તરમાં એક હાથનું શરીર સમજવું.

वनस्पतेः साधिक योजनसहस्रं तदूर्ध्वं तु पृथ्वी विकारः ।

પ્રત્યેક વનસ્પતિ કાયના જીવોના શરીરનું માન એક હજાર યોજન ઝાઝેરૂ છે. તે ઉપરાંત પછી પૃથ્વીનો વિકાર છે.

नरा स्त्रींद्रियाः त्रिगव्यूतोच्चाः ।

મનુષ્ય અને ત્રણ ઇંદ્રિયોવાલા જીવોના શરીરનું માન ઊંચાઇમાં ત્રણ ગાઉનું છે.

द्वींद्रियाः जोयणबारत्ति द्वादश योजनोच्चयाः ॥७॥

બે ઇંદ્રિયવાલા જીવોના શરીરનું માન બાર યોજન સુધીનું છે. ૭

## मूल.

जोयणमेगं चउरिं, दि देहमुच्चत्तणं सुए भणियं ।
वेउव्विवय देहं, पुण अंगुलसंखं समारंभे ॥ ८ ॥

ભાવાર્થ—ચાર ઇંદ્રિયવાલા જીવોના શરીરનું ઊંચાઇનું માન એક યોજનનું છે, એમ સૂત્રને વિષે કહેલું છે. વૈક્રિય શરીરને વલી આરંભતી વેલાયે એક અંગુલનો સંખ્યાતમો ભાગ હોય છે. ૮

चतुरिंद्रिय देहं नुच्चत्वेन योजनमेकं श्रुते प्रज्ञापनादौ जणितमुक्तं

ચાર ઇંદ્રિય વાલા જીવોના શરીરની ઊંચાઇનું માન એક યોજનનું પ્રજ્ઞાપના વિગેરે સૂત્રમાં કહેલું છે.

**प्रस्तावादाह**

ચાલતા પ્રસંગે જેજે દંડકે વૈક્રિય શરીર છે, તેનું પ્રમાણકહે-છે

**उत्तर वैक्रियदेहं पुनः आरंभे प्रारंभेऽगुलसंख्या-तभागमानं**

વૈક્રિય શરીર તે વલી આરંભમાં એટલે વિકુર્વણા કરતી વેલાયે પેહેલા સમયમાં અંગુલના સંખ્યાતમાં ભાગ જેટલું હોયછે

**उत्कृष्टं तु ८**

ત્યાર પછી ઉત્કૃષ્ટ એટલે કયાં સુધી અને કેટલું વધે તેનું પ્રમાણ કહે છે.

## मूल

**देवनरअहियलरकं, तिरियाणां नवयजोयणसयाइं दुगणं तु नारयाणं, भणियं वेअव्वियसरीरं ॥९**

## ભાવાર્થ

દેવતા એક લાખયોજનનું વૈક્રિય શરીર વિકુર્વે, મનુષ્ય એક લાખયોજ નથી અધિક વૈક્રિય શરીર વિકુર્વે, તિર્યંચો નવસોયોજન સુધીનું વક્રિય શરીર વિકુર્વે, અને નારકીઓ તો પોતપોતાના શરીરથી બમણું વૈક્રિય શરીર વિકુર્વે ૯

**लब्धि वैक्रिय शरीरिणो जीवतोंऽतर्मुहुर्त्ता त्प-रतो न वैक्रिय शरीरेऽवस्थानमस्ति ।**

લબ્ધિથી વૈક્રિય શરીરવાલા જીવને અંતર્મુહૂર્ત્ત પછી વૈક્રિય શરીરમાં અવસ્થાન હોતું નથી.

पुनरौदारिकशरीरस्यावश्यं प्रतिपत्ते रिति ।

કારણકે, ફરીથી તેને ઔદારિક શરીરની અવશ્ય પ્રાપ્તિ છે.

વૈક્રિય શરીરની વિકુર્વણા કયા દંડકના જીવોને
કેટલા કાલ સુધી રહેછે, તે કહેછે.–

मूल.

अंतमुहुत्तं निरए, मुहूत्तचत्तारि तिरय मणु
एसु ।
देवेसु अद्धमासो, उक्कोस विउव्वणा कालो
॥ १० ॥

નારકીના દંડકને વિષે વૈક્રિય શરીરની વિકુર્વણા અંતર્મુહૂર્ત્ત સુધી રહેછે. તિર્યંચ અને મનુષ્યના દંડકને વિષે ચાર મુહૂર્ત (એક પોહોર ) સુધી વૈક્રિય શરીરની વિકુર્વણા રહેછે અને દેવતાઓના દંડકને વિષે અર્દ્ધા માસ સુધી વૈક્રિય શરીર રહેછે. ( પછી વિસરાલ થઈ જાય છે.) આ વિકુર્વણાનો ઉત્કૃષ્ટ કાલ જાણવો. १०

इति वचन सामर्थ्यात् अंतर्मुहूर्त चतुष्टयं तेषां देशबंध इत्युच्यते तन्मतांतरमित्यवसेयं ।

ઉપર પ્રમાણે કહેલા વચન છે, તેના સામર્થ્યથી ચાર અંતર્મુહૂર્ત્ત સુધી તેમને દેશ બંધ છે એમ જે કહેછે, તે કોઇ બીજા મત પ્રમાણે છે–એમ જાણવું.

तृतीयं संहननद्वारमाह

હવે ત્રીજું સંઘયણ દ્વાર કહેછે.

## मूल.

थावरसुरनेरइया, अस्संघयणा य विगल छेवठ्ठा ।
संघयण छगं गब्भय, नरतिरिएसुवि मुणेयव्वं ॥ ११ ॥

### ભાવાર્થ

સ્થાવરના પાંચ દંડક, દેવતાના તેર દંડક, નારકીનો એક દંડક–એ સર્વ ઓગણીશ દંડકના જીવ છ[१] સંઘયણથી રહિત હોય છે. બે ઇંદ્રિય અને ચૌરિંદ્રિય–એ વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે એક સેવાર્ત્ત સંહનન હોયછે અને ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ જીવના બે દંડકને વિષે છ સંઘયણ છે, એમ જાણવું ૧૧

## अवचूरि

स्थावरसुर नैरयिकाः संहनन रहिताः अस्थ्यभावादेव ।

સ્થાવરના પાંચ, દેવતાના તેર અને નારકીનો એક–એ ઓગણીશ[१] દંડકના જીવો સંઘયણથી રહિત છે, કારણકે. તેમનામાં અસ્તિ ( હાડકા ) હોતા નથી.

चः समुच्चये किं समुच्चिनोति ।

અહિં च શબ્દ સમુચ્ચય અર્થમાં છે, એટલે શું સમુચ્ચય કરે છે? તે કહે છે.

---

૧ જ્યાં હાડ માંસ હોય, ત્યાં સંઘયણ હોયછે, તે ઓગણીશ દંડકે હાડ માંસ હોતા નથી.

**सैद्धांतिकमतेन सुरानारकाश्च प्रथमसंहनिनः ।**

સિદ્ધાંતના મત પ્રમાણે દેવતા અને નારકીના દંડકોના જીવો પેહેલી સંઘયણવાલા છે,

**विकलाः सेवार्त्ता इति अस्थिसंबंधमात्रसंहननवंतः ।**

વિકલેંદ્રિયના દંડકના જીવો સેવાર્ત્ત એટલે માત્ર અસ્થિ ( હાડકા )ના સંબંધની સંઘયણવાલા છે.

**गर्भजनरतिरश्चोः संहननषट्कं ज्ञातव्यं ॥११॥**

ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચના દંડકના જીવોને છ સંઘયણ છે એમ જાણવું. ૧૧

**चतुर्थं संज्ञाद्वारमाह ।**

ચોથું સંજ્ઞા દ્વાર કહેછે.

## मूल

**सव्वेसिं चउ दहवा, सण्णा सव्वे सुराय चउरसा ।**
**नरतिरि छ संठाणा; हुंडा विगलिंदि नेरइया ॥ १२ ॥**

ભાવાર્થ.

સર્વે ચોવીશ દંડકને વિષે ( આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ ) એ ચાર સંજ્ઞા હોયછે અથવા દશ ( કામ, ક્રોધ, માન, માયા, લોભ, શોક, ઓઘ અને ઉપર કહેલી ચાર ) સંજ્ઞાઓ હોયછે, સર્વે

તેર દંડકના દેવતાઓ સમચતુરસ્ર સંસ્થાનને ધારણ કરનાર હોય છે. મનુષ્ય અને તિર્યંચ—એ બે દંડકને વિષે છ સંસ્થાન હોયછે, વિકલેંદ્રિયના ત્રણ દંડકમાં અને નારકીના દંડકમાં એકજ હુંડક સંસ્થાન હોયછે. ૧૨

## अवचूर्णी

**संज्ञा सर्वजीवानां चतस्रो दशवा ।**

સર્વ દંડકોના જીવોને ચાર અથવા દશ સંજ્ઞાઓ હોયછે.

**केषांचिन्नृणां षोमशापि परमल्पत्वान्न विवक्षितं ।**

કેટલાએક મનુષ્યોને શોળ પણ સંજ્ઞાઓ હોયછે, પરંતુ અલ્પપણાંથી તે કહેવાને ઈચ્છેલું નથી.

**पंचमं संस्थानद्वारमाह ।**

પાંચમું સંસ્થાન દ્વાર કહેછે.

**सर्वे सुराश्च नीमो नीमसेन इति न्यायेन समचतुरस्र संस्थानाः ।**

ભીમ એટલું બોલવાથી જેમ ભીમસેન સમજાયછે, તેમ સર્વ દેવતાઓ એટલું કહેવાથી દેવતાના તેર દંડકના જીવો સમ ચોરસ સંસ્થાનવાલા છે.

**नरतिर्यंचौ षट्संस्थानौ ।**

મનુષ્ય અને તિર્યંચ—બે દંડકના જીવ છ સંસ્થાનવાલા હોયછે.

**विकलेंद्रिय नैरयिका हुंडसंस्थानाः ॥ १२ ॥**

વિકલેંદ્રિયના ત્રણ દંડક અને નારકીનો એક દંડક—એ ચાર દંડક હુંડ સંસ્થાનવાલા હોયછે.

स्थिराणांषड्विधसंस्थानराहित्येऽपि संस्था-नानां आकारभेदत्वादेव एतच्छरीराकारानाह ।

સ્થાવરના પાંચ દંડકના જીવો છ પ્રકારના સંસ્થાનથી રહિત છે, તે છતાં સંસ્થાનોને આકારનું ભેદપણું હોવાથીજ તેમના શરીરના આકાર કહેછે—

## मूल.

**नाणाविह धयसूई, बुब्बुयवण वाउ तेउ अ-पकाय ।**
**पुढवी मसूर चंदा, कारा संठाणओ भणिया ॥ १३ ॥**

## ભાવાર્થ.

વનસ્પતિ કાયના દંડકને વિષે જાત જાતના આકાર હોયછે, વાયુકાયના દંડકમાં ધ્વજાના જેવો આકાર હોયછે, તેઉકાયના દંડકમાં સોયના જેવો આકાર હોયછે, અપ્કાયના દંડકમાં પરપોટાના જેવો આકાર હોયછે, અને પૃથ્વીકાયના દંડકમાં મસૂરની દાલના જેવો અને ચંદ્રના જેવો આકાર હોયછે. એ પ્રમાણે સંસ્થાનો ભગવતી પ્રમુખ સિદ્ધાંત વિષે કહેલા છે. ૧૩

## अवचूर्णि.

नानाविधं, १ ध्वजः पताका, २ सूची, ३ बुद्बुदाकाराणि क्रमेण वनस्पतिवायुतेजोऽप्कायशरीराणि ।

१ નાના પ્રકારના આકાર, ૨ ધ્વજ એટલે પતાકા, ૩ સૂચી સોય, ૪ પરપોટાના આકારો અનુક્રમે વનસ્પતિ, વાયુકાય, તેઉકાય, અને અપ્કાય જીવના શરીરોના હોયછે.

पृथ्वी अर्द्धमसूराकारा भणिता भगवत्यादौ ।

પૃથ્વીકાયનો આકાર અર્ધી મસૂરની દાલ જેવો છે, એમ ભગવતી વગેરે સિદ્ધાંતમાં કહેલું છે,

**षष्टं कषायद्वारमाह.**

છઠું કષાય દ્વાર કહેછે.

## मूल.

सव्वेपि चउकसाया, लेसछगं गब्भतिरिय मणुएसु ।
नारयतेउवाऊ, विगला वेमाणिय तिलेसा ॥ १४ ॥

ભાવાર્થ

સર્વે ચોવીશ દંડકોના જીવોને વિષે, ક્રોધ, માન, માયા અને લોભ—એ ચાર કષાય હોયછે, ગર્ભ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય—એ બે દંડકને વિષે છ લેશ્યાઓ હોયછે. વિકલેંદ્રિયના ત્રણ દંડક અને વૈમાનિક દેવતાના એક દંડકને વિષે કૃષ્ણ, નીલ અને કાપોત—એ ત્રણ લેશ્યાઓ હોયછે. १४

## अवचूर्णि.

सर्वेपि जीवाः चतुः क

સર્વે ચોવીશ દંડકના જીવો ક્રોધ, માન, માયા અને લોભ—એ ચાર કષાયવાલા હોયછે.

निः कषायाश्च केचन मनुष्येषु ।

મનુષ્યોમાં કેટલા એક કષાય વગરના જીવો હોયછે.

सप्तमं लेश्याद्वारमाह.

સાતમું લેશ્યાદ્વાર કહે છે.

लेश्याषट्कं गर्भजतिर्यग्मनुष्येषु ।

ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોમાં છ લેશ્યાઓ હોયછે.

नारकतेजोवायुविकला वैमानिकाश्च त्रिलेश्याः ।

નારકી, તેઊકાય, વાયુકાય, ત્રણ વિકલેંદ્રિય અને વૈમાનિક દેવતાઓ ત્રણ લેશ્યાવાલા હોયછે.

प्रथमद्वितीययोः पृथिव्योः कापोता ।

પેહેલી અને બીજી નારકીની ભૂમિમાં કાપોત લેશ્યા છે.

तृतीयस्यामुपरि कापोता अधो नीला ।

ત્રીજી નારકીની ભુમિમાં ઉપર કપોત લેશ્યા અને નીચે નીલ લેશ્યા છે.

पंकायां नीला धूमायां नीला कृष्णा च ।

ચોથી પંકા નારકીમાં નીલ લેશ્યા અને પાંચમી ધૂમાં નારકીમાં નીલ અને કૃષ્ણ લેશ્યા છે,

षष्ठी सप्तम्योः कृष्णा एव ।

છઠી અને સાતમી નારકીમાં કૃષ્ણ લેશ્યા છે.

तथा सौधर्मैशानयोस्तेजः कल्पत्रये पद्मा ला-

तकादिषु शुक्ला एवेति ।

તથા સૌધર્મ અને ઇશાન દેવ લોકમાં તેજોલેશ્યા છે ત્રણ કલ્પ (દેવલોક) માં પદ્મા લેશ્યા છે અને લાંતક વગેરેમાં શુકલ લેશ્યા છે. ૧૪

## मूल.

जोइसियतेउलेसा, सेसा सव्वेवि हुंति
चउलेसा ।
इंदियदारं सुगमं, मणुयाणं सत्त समु-
ग्घाया ॥ १५ ॥

### ભાવાર્થ

જ્યોતિષ્ક દેવોના દંડકને વિષે તેજો લેશ્યા હોયછે અને બાકીના દશ ભુવનપતિના દશ દંડક, અગીયારમો વ્યંતર દેવતાનો દંડક બારમો પૃથ્વી કાયનો, તેરમો અપ્કાયનો, ચૌદમો વનસ્પતિ કાયનો દંડક—એ બધા દંડકોને વિષેપણ કૃષ્ણ, નીલ, કાપોત અને તેજ—એ ચાર લેશ્યાઓ હોયછે. અને આઠમું ઇંદ્રિયદ્વાર સુગમ છે અને નવમા સમુદ્ઘાત દ્વારમાં મનુષ્યના એક દંડકને વિષે વેદના વિગેરે સાત સમુદ્ઘાત હોયછે. ૧૫

## अवचूर्णि

ज्योतिष्काः केवलं तेजोलेश्यावंतः ।

જ્યોતિષ્ક દેવનાઓને ફકત તેજોલેશ્યા હોયછે.

शेषाः सर्वेऽपि पृथिव्यप्वनस्पतिज्ञवनपति व्यंतराश्चतुर्लेश्या ज्ञवंति ।

બાકીના સર્વેપણ પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય, ભવનપતિ અને વ્યંતર દેવતાઓ ચારલેશ્યા વાલા હોયછે.

तेजो लेश्यावंतां केषांचिद्देवानां भूजलवनेषूत्पादात् कियत्कालं तल्लेश्यासंभवः ।

તેજોલેશ્યાવાલા કેટલા એક દેવતાઓ પૃથ્વી, જલ અને વનમાં ઉત્પન્ન થાયછે, તેથી કેટલોક વખત સુધી તેમને તે લેશ્યાનો સંભવ છે.

इंडियद्दारं सुगमं ।

(આઠમું) ઇંદ્રિદ્વાર સુગમછે.

नवमं समुद्घातद्वारमाह.

નવમું સમુદ્ઘાત દ્વાર કહેછે.

मनुष्येषु सप्त समुद्घाताः

મનુષ્યોના એક દંડકમાં વેદનાદિક સાતસમુદ્ઘાત હોયછે

सप्त समुद्घातानां नामान्याह ।

તે સાતે સમુદ્ઘાતના નામ કહેછે.

मूल.

वेयण कसायमरणे, वेउव्विय तेय एय
आहारे ।
केवलिय समुग्घाया, सत्त इमे हुंति संन्नीणं
॥ १६ ॥

ભાવાર્થ

પેહેલી વેદના સમુદ્ઘાત, બીજી કષાયસમુદ્ઘાત, ત્રીજી મરણ સમુદ્ઘાત, ચોથી વૈક્રિય સમુદ્ઘાત, પાંચમી તૈજસ સમુદ્ઘાત, છઠી આહાર સમુદ્ઘાત અને સાતમી કેવલી સમુદ્ઘાત—એ સાતે સમુદ્ઘાત સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્યને હોયછે.

( આ ગાથા સુગમ છે, તેથી અવચૂર્ણી નથી. )

मूल.

एगिंदियाण केवल, तेउ आहारग विणाउ चत्तारि ।
ते विउव्विय वज्जा, विगला सन्नीण ते चेव ॥ १७

ભાવાર્થ

એકંદ્રિય વૈક્રિય વાયુકાય જીવોને પેહેલી કેવલી, બીજી તૈજસ અને ત્રીજી આહારક—એ ત્રણ સમુદ્ઘાતને વર્જીને બાકીની એક વેદના. બીજી કષાય, ત્રીજી મરણ અને ચોથી વૈક્રિય એ ચાર સમુદ્ઘાત હોય છે તે ચારમાંથી એક વૈક્રિય સમુદ્ઘાત ને વર્જીને એક વેદના, બીજી કષાય ત્રીજી મરણ—એ ત્રણ સમુદ્ઘાત વાયુકાયના દંડક વિના બાકીના ચાર સ્થાવરના ચાર દંડકને વિષે હોયછે. તેમજ વિકલેંદ્રિયના ત્રણ દંડકમાં પણ તે ત્રણ સમુદ્ઘાત હોયછે અને સંજ્ઞી પંચેંદ્રિય એવા ગર્ભજ મનુષ્યને તો તે સાતે સમુદ્ઘાત હોયછે. ૧૭

## मूल.

**पणगब्भतिरि सुरेसु, नारयवाऊसु चउर-**
**तिय से से ।**
**विगल दुदिट्ठी थावर, मित्थत्ती सेसतिय**
**दिट्ठी ॥ १८ ॥**

### ભાવાર્થ

ગર્ભજ તિર્યંચના એક દંડક અને દેવતાના તેર દંડકને વિષે પેહેલી આહારક અને બીજી કેવલી–એ બે સમુદ્‌ઘાતને વર્જીને બાકીની પાંચ સમુદ્‌ઘાત હોયછે. નારકીનો એક દંડક, અને વાયુકાયનો એક દંડક–એ બંને દંડકને વિષે પેહેલી વેદના, બીજી કષાય ત્રીજી મરણ અને ચોથી વૈક્રિય–એ ચાર સમુદ્‌ઘાત હોયછે અને શેષ એટલે એક વાયુકાય વિના બાકીના ચાર સ્થાવર જીવોના ચાર દંડકને વિષે એક વેદના બીજી કષાય અને ત્રીજી મરણ–એ ત્રણ સમુદ્‌ઘાત હોયછે.

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે મિથ્યા દૃષ્ટિ અને સમ્યગ્ દષ્ટિ–એ બે દષ્ટિ હોયછે. તથા સ્થાવરના પાંચ દંડકને વિષે તેમજ સંમૂર્છિમ મનુષ્યમાં પણ મિથ્યા દષ્ટિ હોયછે અને બાકીના જે દંડક રહયા એટલે એક નારકી, એક ગર્ભજ તિર્યંચ, એક ગર્ભજ મનુષ્ય અને તેર દેવતાના–એ મળીને સોળ દંડકને વિષે સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને મિશ્ર– એ ત્રણે દષ્ટિ હોયછે. ૧૮

## अवचूर्णि.

**गर्भजतिर्यक्सुरयोः पंच ।**

ગર્ભજ તિર્યંચના એક દંડકમાં અને દેવતાના તેર દંડકને વિષે આહારક તથા કેવલી શિવાય પાંચ સમુદ્ઘાત હોયછે.

**नारकवाय्वोश्चत्वारः**

નારકીના એક દંડકમાં અને વાયુકાયના એક દંડકમાં વેદના, કષાય, મરણ અને વૈક્રિય એ ચાર સમુદ્ઘાત હોયછે.

**शेषे स्थावरे विकले च त्रयः समुद्घाताः सर्वत्रानुक्रमेण ।**

વાયુકાય શિવાય બાકીના ચાર સ્થાવર જીવોના ચાર દંડકને વિષે વેદના, કષાય અને મરણ—એ ત્રણ સમુદ્ઘાત હોયછે. એ સર્વમાં અનુક્રમે જાણવું.

**दशमं दृष्टिद्वारमाह ।**

**દશમું દૃષ્ટિદ્વાર કહેછે.**

**विकलेषु दृष्टिद्विकं सम्यक्त्वमिथ्यात्वरूपं ।**

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે મિથ્યા દૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ—એ બે દ્રષ્ટિઓ હોયછે.

**स्थावरा मिथ्यात्विनः**

પાંચે સ્થાવરના દંડકને વિષે મિથ્યા દૃષ્ટિ હોયછે

**शेषाः तिर्यक्सुरनारकनराः त्रिदृष्टयः सम्यग् मिथ्यात्वमिश्रसहिता भवंति ।**

ઉપરના આઠ દંડકને મુકી બાકી રહેલા એક નારકીનો, એક ગર્ભજ તિર્યંચનો એક ગર્ભજ મનુષ્યનો અને તેર દેવતાના મલી સોળ દંડકને વિષે સમ્યકત્વ, મિથ્યાત્વ અને મિશ્રએ ત્રણ દૃષ્ટિ હોયછે.

अथैकादशं दर्शनद्वारमाह ।

હવે અગીયારમું દર્શન દ્વાર કહેછે.

## मूल.

थावरबितिसु अचरकु, चउरिंदिसु तद्दुगं
सुए भणियं ।
मणुआ चउ दंसणिणो, से सेसु तिगं तिगं
भणियं ॥ १९ ॥

### ભાવાર્થ

પૃથ્વી વિગેરે પાંચ સ્થાવરના પાંચ દંડક, બે ઇંદ્રિયનો એક દંડક તેંદ્રિયનો એક દંડક, એમ સાત દંડકને વિષે અચક્ષુદર્શન હોયછે. ચતુરિંદ્રિયને વિષે ચતુ દર્શન અને અચક્ષુ દર્શન—બને દર્શન સિદ્ધાંતને વિષે કહેલાછે. મનુષ્યના એક દંડકને વિષે ચક્ષુ, અચક્ષુ, અવાધ અને કેવલ એ ચાર દર્શનો હોયછેઅને બાકીના એટલે તેર દેવતાના એક નારકીનો અને એક પંચેંદ્રિય તિર્યંચના—એમ પંનર દંડકોને વિષે ચક્ષુ, અચક્ષુ અને અવધિ—એ ત્રણ ત્રણ દર્શનો સિદ્ધાંતને વિષે કહેલાછે. ૧૯

## अवचूर्णि

स्थावरद्वींद्रियेषु केवलमचक्षुदर्शनं ।

પાંચ સ્થાવરના પાંચ દંડક, બે ઇંદ્રિયનો એક દંડકઅને તેંદ્રિયનો એક દંડક—એ સાત દંડકને વિષે કેવલ અચક્ષુ દર્શન હોયછે.

चतुरिंद्रियेषु तद् द्विकं चक्षुरचक्षुरूपम्

ચતુરિંદ્રિયના દંડકને વિષે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન–બંને હોય છે.

श्रुते कर्मग्रंथादौ भणितं ।

શ્રુત એટલે કર્મ ગ્રંથ વગેરેમાં કહેલું છે.

मनुष्याश्चतुर्दर्शनिनः ।

મનુષ્યોને ચારે દર્શન હોય છે.

शेषेसु सुरनारकतिर्यक्षु त्रिकं त्रिकं दर्शनस्य चक्षुरचक्षुरवधिरूपं । १ए

શેષ એટલે બાકી રહેલા દેવ, નારકી અને તિર્યંચને ચક્ષુદર્શન, અચક્ષુર્શન અને અવધિ દર્શન–એ ત્રણ ત્રણ દર્શન હોય છે.

द्वारद्वयं समकमाह ।

જ્ઞાન દ્વાર અને અજ્ઞાન દ્વાર એ બે બારમું અને તેરમું દ્વાર કહેછે.

मूल.

अन्नाण नाण तिय तिय, सुरतिरि निरण थिरे अनाणदुगं ।
नाणन्नाण दुविगले, मणुए पण नाण तिअ नाणा ॥ २० ॥

ભાવાર્થ.

દેવતાના તેર દંડક, તિર્યંચનું એક અને નારકીનું એક

દંડક—એ પંનર દંડકને વિષે ત્રણ અજ્ઞાન અને ત્રણ જ્ઞાન પણ હોય છે, એટલે મિથ્યા દૃષ્ટિ જીવને મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે અને સમ્યગ્ દૃષ્ટિ જીવને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન—એ ત્રણ જ્ઞાન હોય છે. સ્થાવર જીવના પાંચ દંડકને વિષે મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાન હોય છે. વિકલેંદ્રિય જીવના ત્રણ દંડકને વિષે જ્ઞાન અને અજ્ઞાન બંને હોય છે એટલે મતિજ્ઞાન તથા શ્રુત જ્ઞાન અને મતિઅજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન હોયછે. અને મનુષ્યના એક દંડકને વિષે મતિજ્ઞાન વગેરે પાંચ જ્ઞાન અને મતિ અજ્ઞાન વગેરે ત્રણ અજ્ઞાન હોય છે. ૨૦

## अवचूर्णि.

**द्वंद्वैकवद्भावात् सुरतिर्यग्निरये अज्ञानत्रिकं ज्ञानत्रिकं च भवंति सम्यक्त्वप्राप्तौ ।**

सुरतिर्यग्निरये એ પદમાં એકવદ્ભાવ દ્વંદ્વ સમાસ થાયછે, દેવ, તિર્યંચ અને નારકીના દંડકમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન પણ હોયછે; કારણ કે, જ્યારે સમ્યકત્વની પ્રાપ્તિ થાય, ત્યારે ત્રણ જ્ઞાન પણ થઇ શકે છે.

**स्थिरे अज्ञानद्वकं ।**

સ્થાવર જીવના પાંચ દંડકમાં મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાન હોય છે.

**यद्यपि भूदकवनेषु सैद्धांतिकमतेन सम्यक्त्वं वमतः देवानां तेषूत्पादे सास्वादनसद्भावाच्च श्रुत मती भवतः परं नेहाधिकृते**

એક સિદ્ધાંતના મત પ્રમાણે તો પાંચ સ્થાવરમાં પૃથ્વી કાય, અપ્કાય અને વનસ્પતિ કાયના દંડકમાં સમ્યક્ત્વને વમન કરનારા દેવતાઓ તેમાં ઉત્પન્ન થાયછે, ત્યારે સાસ્વાદનના સદ્ભાવથી તેઓને ત્યાં શ્રુતજ્ઞાન તથા મતિજ્ઞાન થાયછે, પરંતુ તે અહીં માનેલા નથી.

**विकले ज्ञानाज्ञानयोर्द्विकम् ।**

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે બે જ્ઞાન અને બેઅજ્ઞાન હોયછે.

**मनुष्येषु पंचज्ञानानि त्रीण्यज्ञानानि नवंति ।**

મનુષ્યના એક દંડકમાં પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોયછે.

**चतुर्दशं योगद्वारमाह ।**

હવે ચૌદમું યોગ દ્વાર કહે છે.

## मूल.

**इक्कारस सुरनिरए, तिरिएसु तेर पन्नर मणुएसु ।**
**विगले चउ पणवाए, जोगतियं थावरे होइ ॥ २१ ॥**

### ભાવાર્થ.

દેવતાના તેર દંડક અને નારકીનું એક દંડક—એ ચૌદ દંડકમાં સત્યમનોયોગ વિગેરે મનના ચાર યોગ, સત્ય વચન યોગ વિગેરે વચનના ચાર યોગઅને વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ કાયાના યોગ મળી અગીયાર યોગ થાયછે. તિર્યંચના એક દંડકમાં આહારક કાય યોગ અને આહારકમિશ્ર કાયયોગ—એ બે યોગ વર્જીને બાકીના

તેરયોગ હોયછે, મનુષ્યના એક દંડકમાં પંનર યોગ હોયછે, વિકલેદ્રિયના ત્રણ દંડકમાં ઔદારિક કાય યોય, ઔદારિક મિશ્રકાય યોગ, કાર્મણ કાયયોગ અને અસત્યા મૃષા વચન યોગ એ ચાર યોગ હોયછે વાયુકાયના એક દંડકમાં ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્રકાય યોગ, અને કાર્મણ કાય યોગ, વૈક્રિય કાય યોગ, વૈક્રિય મિશ્રકાય યોગ અને કાર્મણ કાયયોગ—એ પાંચયોગ હોયછે. અને વાયુકાય શિવાય પૃથ્વી વિગેરે ચાર સ્થાવરના ચાર દંડકમાં ઔદારિક કાય યોગ, ઔદારિક મિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ—એ ત્રણ યોગ હોયછે. २१

# अवचूर्णि.

**औदारिकद्विकाहारकद्विकाभावात् सुरनिरययोर्विषये एकादश योगाः ।**

એટલે ઔદારિક કાયયોગ અને ઔદારિક મિશ્રકાય યોગ ઔદારિક બે અને આહારક બે એટલે અહારક કાય યોગ અને આહારક મિશ્રકાય યોગ—એ ચાર યોગના અભાવથી દેવતાના તેરદંડકને વિષે નારકીના એક દંડકને વિષે બધા મળીને અગીયાર યોગ હોયછે.

**तिर्यक्षु त्रयोदश ।**

તિર્યંચના એક દંડકમાં તેર યોગ હોય છે.

**केषांचिद्वैक्रियलब्धिसंभवे तत् द्विकसंभवात् ।**

કેટલા એક તિર્યંચને વૈક્રિયલબ્ધિ થવાનો સંભવ હોવાથી તે બંને યોગનો સંભવ છે.

**पंचदश मनुष्येषु ।**

એક સિદ્ધાંતના મત પ્રમાણે તો પાંચ સ્થાવરમાં પૃથ્વી કાય, અપ્કાય અને વનસ્પતિ કાયના દંડકમાં સમ્યકત્વને વમન કરનારા દેવતાઓ તેમાં ઉત્પન્ન થાયછે, ત્યારે સાસ્વાદનના સદ્ભાવથી તેઓને ત્યાં શ્રુતજ્ઞાન તથા મતિજ્ઞાન થાયછે, પરંતુ તે અહીં માનેલા નથી.

**विकले ज्ञानाज्ञानयोर्द्विकम् ।**

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે બે જ્ઞાન અને બેઅજ્ઞાન હોયછે.

**मनुष्येषु पंचज्ञानानि त्रीण्यज्ञानानि भवंति ।**

મનુષ્યના એક દંડકમાં પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોયછે.

**चतुर्दशं योगद्वारमाह ।**

હવે ચૌદમું યોગ દ્વાર કહે છે.

## मूल.

**इक्कारस सुरनिरए, तिरिएसु तेर पन्नर मणुएसु ।**
**विगले चउ पणवाए, जोगतियं थावरे होइ ॥ २१ ॥**

### ભાવાર્થ.

દેવતાના તેર દંડક અને નારકીનું એક દંડક—એ ચૌદ દંડકમાં સત્યમનોયોગ વિગેરે મનના ચાર યોગ, સત્ય વચન યોગ વિગેરે વચનના ચાર યોગઅને વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ કાયાના યોગ મળી અગીયાર યોગ થાયછે. તિર્યંચના એક દંડકમાં આહારક કાય યોગ અને આહારકમિશ્ર કાયયોગ—એ બે યોગ વર્જીને - બાકીના

તેરયોગ હોયછે, મનુષ્યના એક દંડકમાં પંનર યોગ હોયછે, વિકલેદ્રિયના ત્રણ દંડકમાં ઔદારિક કાય યોય, ઔદારિક મિશ્રકાય યોગ, કાર્મણ કાયયોગ અને અસત્યા મૃષા વચન યોગ એ ચાર યોગ હોયછે વાયુકાયના એક દંડકમાં ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્રકાય યોગ, અને કાર્મણ કાય યોગ, વૈક્રિય કાય યોગ, વૈક્રિય મિશ્રકાય યોગ અને કાર્મણ કાયયોગ—એ પાંચયોગ હોયછે. અને વાયુકાય શિવાય પૃથ્વી વિગેરે ચાર સ્થાવરના ચાર દંડકમાં ઔદારિક કાય યોગ, ઔદારિક મિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ—એ ત્રણ યોગ હોયછે. ૨૧

## अवचूर्णि.

**औदारिकद्विकाहारकद्विकाभावात् सुरनिरयर्योर्विषये एकादश योगाः ।**

એટલે ઔદારિક કાયયોગ અને ઔદારિક મિશ્રકાય યોગ ઔદારિક બે અને આહારક બે એટલે આહારક કાય યોગ અને આહારક મિશ્રકાય યોગ—એ ચાર યોગના અભાવથી દેવતાના તેરદંડકને વિષે નારકીના એક દંડકને વિષે બધા મળીને અગીયાર યોગ હોયછે.

**तिर्यक्षु त्रयोदश ।**

તિર્યંચના એક દંડકમાં તેર યોગ હોય છે.

**केषांचिद्वैक्रियलब्धिसंभवे तत् द्विकसंभवात् ।**

કેટલા એક તિર્યંચને વૈક્રિયલબ્ધિ થવાનો સંભવ હોવાથી તે બંને યોગનો સંભવ છે.

**पंचदश मनुष्येषु ।**

મનુષ્યના એક દંડકમાં પંનર યોગ હોય છે.

विकले औदारिकद्विककार्मणांतिमनाषारूपं योगचतुष्कं ।

વિકલેંદ્રિયના ત્રણ દંડકમાં ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ, કાર્મણ કાયયોગ અને અસત્યામૃષા વચનયોગ—એ ચાર યોગ હોય છે.

पंचवाते औदारिकद्विकवैक्रियद्विककार्मणारूपं ।

વાયુકાયના એક દંડકને વિષે ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ, વૈક્રિય કાયયોગ, વૈક્રિય મિશ્રકાયયોગ અને કાર્મણ કાયયોગ—એ પાંચ યોગ હોય છે.

योगत्रिकं स्थावरचतुष्के नवति ।

પૃથ્વીકાય વગેરે સ્થાવરના ચાર દંડકમાં ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ—એ ત્રણ યોગ હોય છે. ૨૧

पंचदशमुपयोगद्वारमाह ।

પંનરમું ઉપયોગ દ્વાર કહેછે.

मूल,

उवओगा मणुएसु, बारस नव निरिय
तिरिय देवेसु ।
विगलदुगे पण छक्कं, चउरिंदिसु थावरे
तियगं ॥ २२ ॥

ભાવાર્થ.

મનુષ્યના એક દંડકમાં બાર ઉપયોગ હોય છે, નારકીના એક દંડકમાં, તિર્યંચના એક દંડકમાં અને દેવતાના તેર દંડકમાં મનઃપર્યવ જ્ઞાન, કેવલ જ્ઞાન, અને કેવલ દર્શન એ ત્રણ ઉપયોગ શિવાય બાકીના નવ ઉપયોગ હોય છે. વિકલેંદ્રિયના બે દંડકને વિષે એટલે બેઇંદ્રિય અને તેઇંદ્રિય–એ બે દંડકને વિષે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુ દર્શન–એ પાંચ ઉપયોગ હોય છે. ચૌરિંદ્રિયના દંડકને વિષે છ ઉપયોગ હોયછે એટલે ઉપરના પાચ ઉપયોગમાં છઠું ચક્ષુદર્શન મેળવતા છ ઉપયોગ થાય છે. અને સ્થાવરના પાંચ દંદકને વિષે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન–એ ત્રણ ઉપયોગ હોય છે. ૨૨

## अवचूर्णि

**मनुष्येषु द्वादश उपयोगाः ।**

મનુષ્યના એક દંડકને વિષે બાર ઉપયોગ હોય છે.

**अष्टौ साकाराश्चत्वारो निराकाराः ।**

તેમાં આઠ સાકાર ઉપયોગ છે અને ચાર નિરાકાર ઉપયોગ છે.

**एते एव मनःपर्यायकेवलज्ञानकेवलदर्शन रहिता नव निरयतिर्यग् देवेषु ।**

એ બાર ઉપયોગમાંથી મનઃપર્યાય, કેવલ જ્ઞાન અને કેવલ દર્શન–એ ત્રણ ઉપયોગ શિવાયના બાકીના નવ ઉપયોગ નારકીના એક દંડકમાં, તિર્યંચના એક દંડકમાં અને દેવતાના તેર દંડકમાં હોય છે.

**विकलद्विके मतिश्रुतिमत्यज्ञानश्रुताज्ञाना**

**चक्षुदर्शनरूपाः पंचोपयोगाः ।**

વિકલેંદ્રિય એટલે બેંદ્રિય અને તેંદ્રિય–એ બે દંડકને વિષે મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાન, મત્ય જ્ઞાન, શ્રુતા જ્ઞાન અને અચક્ષુ દર્શન–એ પાંચ ઉપયોગ હોય છે.

**चतुरिंद्रियेषु पंचपूर्वोक्ताः चक्षुर्दर्शनसहिताः षडुपयोगाः ।**

ચૌરિંદ્રિયના દંડકને વિષે ઉપર કહેલા પાંચ અને તેમાં ચક્ષુદર્શન મેળવતાં છ ઉપયોગ હોયછે.

**स्थावरे त्रिकम् ।**

સ્થાવરના પાચ દંડકમાં મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન–એત્રણ ઉપયાગ હોયછે.

**षोडशं सप्तदशंच संख्याद्वारमाह ।**

સોળમું અને સત્તરમું સંખ્યા દ્વાર કહે છે.

## मूल

संखमसंखा समए, गब्भयतिरि विगल
नारय सुराय ।
मणुआ नियमा संखा, वणणंता थावर
असंखा ॥ २३ ॥

### ભાવાર્થ

ગર્ભજ તિર્યંચને એક દંડક, વિકલેંદ્રિયના ત્રણ દંડક–નારકીને એક દંડક અને દેવતાના તેર દંડક એ સર્વ મળી અઢાર

દંડકના જીવ એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉપજતા લાભે છે. ગર્ભજ મનુષ્યના એક દંડકને વિષે એક સમયમાં નિશ્ચયથી સંખ્યાતા જીવ ઉપજતા લાભેછે અને પાંચ સ્થાવરમાં હેલા વનસ્પતિકાયના એક દંડકને વિષે એક સમયમાં અનંતાજીવ ઉપજેછે અને બાકીના ચાર સ્થાવરના જીવોના ચાર દંડકને વિષે એક સમયમાં અસંખ્યાતા જીવ ઉપજેછે. ૨૩

## अवचूर्णि

चतुर्दशरज्जात्मकेऽपि लोके एकस्मिन् समये नत्पद्यमाना नियमेति पदं सर्वत्र ग्राह्यं तेन नियमान्निश्चयेन गर्भजतिर्यकूविकलनारकसुराश्च एको द्वौ त्रयोदश विंशतिर्यावत्संख्याता असंख्याताः प्राप्यंते नत्वनंताः ।

આ ચૌદ રાજ લોકમાં પણ એક સમયની અંદર ગર્ભજ તિર્યંચ, વિકલેંદ્રિય, નારકી અને દેવતાના મળી અઢાર દંડકોના જીવો અહિં (નિયમથી) એ પદ સર્વ ઠેકાણે લેવું એટલે નિશ્ચયથી એક, બે, ત્રણ, દશ, વીશ, એમ સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉપજેછે-ઉપજતા લાભે છે, અનંતા ઉપજતા નથી.

मनुष्यास्तु नियमात्संख्याता एव ।

મનુષ્યના એક દંડકના જીવ નિશ્ચયથી સંખ્યાતાજ ઉપજે છે.

वनस्पतयोऽनंताः ।

વનસ્પતિ કાયના દંડકે અનંતા જીવ ઉપજે છે.

" निच्चमसंखो भागो अणंतजीवो चयइए "

इति वचनात् शेषाश्चत्वारः स्थावराः असंख्याता एव न संख्याता नचानंताः ॥ २३ ॥

"નિત્યે ચાર સ્થાવરના જીવોમાં અસંખ્યાતમો ભાગ અનંત જીવવાલો ઉપજે છે." એવું શાસ્ત્રનું વચન છે, તેથી બાકીના ચાર સ્થાવરોના જીવો અસંખ્યાતાજ છે, તેઓ સંખ્યાતા નથી તેમ અનંતા નથી. ૨૩

प्रस्तावादाह ।

ચાલતાં પ્રસંગથી તે કહેછે.

मूल

असन्नी नर असंखा, जह उववाए तहेव चवणेवि ।
बावीस सगति दस वा, स सहस्स उक्कि पुढवाई ॥ २४ ॥

ભાવાર્થ

મનુષ્યના દંડક માંહેલા જે અસંજ્ઞી મનુષ્ય એટલે સંમૂર્છિમ મનુષ્ય છે, તે એક સમયમાં અસખ્યાતા ઉપજે છે. જેવી રીતે આ ચોવીશ દંડકને વિષે એક સમયમાં ઉપજવાની સંખ્યા કહી તેવીજ રીતે તે ચોવીશ દંડકની અંદર ચ્યવવાની સંખ્યા વિષે પણ જાણી લેવું. તેઉકાય શિવાયના પૃથ્વીકાય વિગેરે ચાર સ્થાવરોના દંડકને વિષે અનુક્રમે બાવીશ, સાત, ત્રણ, અને દશહજાર વર્ષનું ઊત્કૃષ્ટ આયુષ્ય જાણવું. એટલે પૃથ્વી કાયને વિષે બાવીશ હજાર વર્ષનું આયુષ્ય, અપ્કાયને વિષે સાત

હજાર વર્ષનું આયુષ્ય. વાયુકાયને વિષે ત્રણહજાર વર્ષનું આયુષ્ય અને વનસ્પતિ કાયને વિષે દશહજાર વર્ષનું આયુષ્ય જાણવું. २४

## अवचूर्णि

**असंज्ञिनो नरा उत्पद्यमाना असंख्याता लभ्यंते ।**

અસંજ્ઞી મનુષ્ય એટલે સંમૂર્છિમ મનુષ્યના દંડકના જીવો અસંખ્યાતા ઊપજતા લાભે છે.

**अत्रैव अतिदेशमाह ।**

અહિં અતિદેશ કહે છે.

**यथोपपातद्वारं संख्यामाश्रित्य व्याख्यातमेव च्यवनद्वारमप्यवसातव्यं समानत्वादुपपातच्यवनयोः।**

જેવી રીતે સંખ્યાને આશ્રીને આ ઉપપાત દ્વારની વ્યાખ્યા કરવામાં આવી છે, તેવીજ રીતે ચ્યવન દ્વાર પણ જાણી લેવું; કારણકે, ઉપપાત અને ચ્યવન એ બંને દ્વાર સરખાજ છે.

**अष्टादशं आयुर्द्वारमाह ।**

અઢારમું આયુષ્યની સ્થિતિનું દ્વાર કહે છે.

**अग्रे स्थितं आयुरिति पदं सर्वत्रानुवर्त्तनीयम ।**

આયુ એ પદ આગલ રહેલું છે, તે સર્વ ઠેકાણે જોડવું.

**तेन पृथिव्याः द्वाविंशति वर्षसहस्राणि उत्कृष्ट मायुरिति सर्वत्र योज्यम् ।**

તેથી પૃથ્વીકાયના દંડકના જીવોનું ઊત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વર્ષનુ છે, એમ સર્વ ઠેકાણે જોડી દેવુ

**उदकस्य सप्त ।**

અપ્‌કાયના દંડકના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષનું છે.

**वायोस्त्रीणि ।**

વાયુકાયના દંડકના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે.

**वनस्पतेर्दशवर्ष सहस्राणि ।**

વનસ્પતિ કાયના દંડકના જીવોનું ઉત્કૃષ્ટ દશહજાર વર્ષનું આયુષ્ય હોય છે. ૨૪

## मूल

**तिदिणग्गिति पल्लाउ, नरतिरिसुरनिरयसा-**
**गरतितीसा ।**
**वंतर पल्लं जोइस, वरिसलरकाहियं पलियं**
**॥ २५ ॥**

### ભાવાર્થ

અગ્નિકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ દિવસનું જાણવું. મનુષ્ય અને તિર્યંચ એ બે દંડકને વિષે ત્રણ પલ્યોપમનું આયુષ્ય જાણવું. દેવતા અને નારકીના દંડકના જીવોની ઉત્કૃષ્ટ આયુષ્યની સ્થિતિ તેત્રીશ સાગરોપમની જાણવી વ્યંતર દેવતાનું આયુષ્ય એક પલ્યોપમનું જાણવું અને જ્યોતિષદેવતાનું આયુષ્ય એકલાખ વર્ષ અધિક પલ્યોપમનું જાણવું તેમાં ચંદ્રનું આયુષ્ય એકલાખ વર્ષે અધિક એક પલ્યોપમનું સમજવું અને સૂર્યનું આયુષ્ય એક હજાર વર્ષે અધિક એક પલ્યોપમનું સમજવું. ૨૫

## अवचूर्णि

**अग्नेस्त्रीणि दिनान्यायुः ।**

અગ્નિકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ દિવસનું છે.

**गर्भजतिर्यग्नराः त्रिपल्यायुषः ।**

ગર્ભજ મનુષ્ય અને તિર્યંચના જીવોનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું છે.

**देवकुर्वादिषु सुरनारकाणां त्रयस्त्रिंशत्तिसागरोपमानि ।**

દેવકુરૂ વિગેરેમાં દેવતા તથા નારકીના જીવોનું આયુષ્ય તેત્રીશ સાગરોપમનું છે.

**व्यंतराणां पल्योपमम् ।**

વ્યંતર દેવતાઓનું આયુષ્ય એક પલ્યોપમનું છે.

**ज्योतिषां वर्षलक्षाधिकं पल्योपमम् ।**

જ્યોતિષી દેવતાઓનું આયુષ્ય એકલાખ વર્ષથી અધિક એક પલ્યોપમનું છે.

**असुराणामायुः स्थितिमाह ।**

અસુર કુમાર દેવતાના આયુષ્યની સ્થિતિ કહે છે.

## मूल.

**असुराण अहिय अयरं, देसूण दुपल्लयं नव निकाए ।**
**बारस वासुणु पदिण, छम्मासुक्किठ विगलाउ ॥ २६ ॥**

## ભાવાર્થ

અસુરકુમાર નિકાય સંબંધી દેવતાના દંડકને વિષે એક સાગરોપમથી કાંઈક અધિક આયુષ્ય જાણવું. અને બાકીના નવ નિકાયના દેવતાનું આયુષ્ય કાંઇક ઊણા એવા બેપલ્યોપમનું આયુષ્ય જાણવું વિકલેંદ્રિયમાં બેંદ્રિયનું બાર વર્ષનું, તેંદ્રિયનું ઓગણપચાશ દિવસનું અને ચૌરિંદ્રિયનું છમાસનું આયુષ્ય જાણવું, એ આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. ૩૬

## अवचूर्णि

**असुराणां चमरादीनां कियताप्यधिकं अतरं सागरोपमम् ।**

અસુર એટલે ચમર વિગેરે દેવતાનું આયુષ્ય, કાંઈક અધિક એવા સાગરોપમનું છે.

**शेषे निकायनवके देशोनपल्योपमाद्विकम् ।**

બાકીના નવ નિકાય દેવતાઓનું આયુષ્ય એક દેશે ઉણા એવા બે પલ્યોપમનું છે.

**दक्षिणदिशामाश्रित्य अर्द्धपल्योपमं उत्तरस्यां तु देशोनपल्योपमे द्वे ।**

દક્ષિણ દિશાને આશ્રીને બેનું અર્ધ પલ્યોપમનું આયુષ્ય સમજવું અને ઉત્તર દિશાને આશ્રીને એક દેશે ઉણા એવા બે પલ્યોપમનું આયુષ્ય સમજવું.

**द्वींद्रियाणां द्वादशवर्षाणि ।**

બેઇંદ્રિય જીવોનું આયુષ્ય બાર વર્ષનું સમજવું

**त्रींद्रियाणामेकोनपंचाशद्दिनानि ।**

તેરિંદ્રિય જીવોનું આયુષ્ય ઓગણપચાશ દિવસોનું સમજવું.

**चतुरिंद्रियाणां षण्मासा उत्कृष्टमायुः ।**

ચૌરિંદ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છમાસનું સમજવુ.

**उक्तोत्कृष्टा स्थितिः ।**

આ આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેલી છે.

**अथ जघन्यां तामेवाह ।**

હવે આયુષ્યનીજઘન્ય સ્થિતિ કહે છે.

## मूल

**पुढवाइ दसप याणं, अंतमुहुत्तं जहन्न आउ ठिई ।**
**दससहस वरिसठिई, भवणाइव निरयविंतरिया ॥ २७॥**

### ભાવાર્થ

પૃથ્વી વિગેરે દશ દંડક એટલે સ્થાવરના પાંચ દંડક, વિકલેંદ્રિયના ત્રણ દંડક, તિર્યંચ પંચેદ્રિયનો એક દંડક અને મનુષ્યનો એક દંડક—એ દશ દંડકને વિષે જઘન્યથી આયુષ્યની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની જાણવી ભવનપતિના દશ દંડક, નારકીનો એક દંડક, અનેવ્યંતર દેવતાનો એક દંડક—એ બાર દંડકને વિષે જઘન્યથી આયુષ્યની સ્થિતિ દશહજાર વર્ષની જાણવી. ૨૭

## अवचूर्णि

स्थावरपंचकविकलत्रिकतिर्यक्नराणामंतर्मुहूर्त्तं जघन्यायुः स्थितिः ।

પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, એક તિર્યંચ અને એક મનુષ્ય—એ દશ દંડકને વિષે જઘન્યથી આયુષ્યની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની જાણવી.

भवनाधिपनरकव्यंतरा जघन्यतो दशसहस्रस्थितिका भवंति ।

ભવનપતિના દશ દંડક, નારકીનો એક દંડક અને વ્યંતર દેવતાનો એક દંડક—એ બાર દંડકને વિષે જઘન્યથી આયુષ્યની સ્થિતિ દશહજાર વર્ષની જાણવી. ૨૭

अथ वैमानिकानामायुः स्थितिमाह ।

હવે વૈમાનિક દેવતાઓની આયુષ્યની સ્થિતિ કહે છે.

## मूल

वेमाणिय जोइसिया, पल्ल तयठंस आउआ हुंत ।
सुरनरतिरि निरएसु, छपज्जत्ति थावरे चउगं ॥ २८ ॥

### ભાવાર્થ

વૈમાનિક દેવતાના દંડકને વિષે જઘન્યથી એક પલ્યોપમનું આયુષ્ય થાયછે અને જ્યોતિષ દેવતાના દંડકને વિષે જઘન્યથી

એક પલ્યોપમના આઠમા ભાગ જેટલું આયુષ્ય થાય છે.

દેવતાના તેર દંડક, મનુષ્યનો એક દંડક, તિર્યંચનો એક દંડક, અને નારકીનો એક દંડક—એ સોળ દંડકને વિષે છ પર્યાપ્તિ હોયછે અને સ્થાવરના પાંચ દંડકને વિષે ભાષા અને મન-એ બે પર્યાપ્તિ શિવાય બીજી ચાર પર્યાપ્તિ હોય છે. ૨૮

# अवचूर्णि

**वैमानिका ज्योतिषिकाश्च जघन्यतः क्रमेण एक पल्योपमाष्टभागायुषो भवंति ।**

વૈમાનિક દેવતા અને જ્યોતિષી દેવતા અનુક્રમે જઘન્યથી એક પલ્યોપમ અને એક પલ્યોપમના આઠમા ભાગની આયુષ્ય વાલા હોયછે, એટલે વૈમાનિક દેવતાના દંડકનું જઘન્યથી એક પલ્યોપમનું અને જ્યોતિષી દેવતાના દંડકનું એક પલ્યોપમના નાઆઠ ભાગનું આયુષ્ય હોય છે.

**अथैकोनविंशतितमं पर्याप्तिद्वारमाह ।**

હવે ઓગણીશમું પર્યાપ્તિ દ્વાર કહે છે.

**सुरनरतिर्यक्निरयेषु पर्याप्तेषु षट्पर्याप्तयो भवन्ति ।**

પાર્યાપ્ત એવા દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકીના દંડકને વિષે છ પર્યાપ્તિઓ હોય છે.

**स्थावरे आहारशरीरइंद्रियश्वासोछ्वासरूपं पर्याप्तिचतुष्कं ।**

પૃથ્વીકાય વિગેરે પાંચ સ્થાવરોના પાંચ દંડકમાં આહાર, શરીર, ઇંદ્રિય, અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિ હોય છે.

अपर्याप्ता अपिजीवापर्याप्तित्रयं समाप्यैव म्रियंते नार्वाक् ॥ २८ ॥

અપર્યાપ્તા જીવ પણ ત્રણ પર્યાપ્તિ પૂરી કરીનેજ મૃત્યુ પામે છે, તે પેહેલા મૃત્યુ પામતા નથી, ૨૮

## मूल

विगले पंच पजत्ती, छदिसि आहार होइस
व्वेसिं ।
पणगाइ पए भयणा, अह सन्नितियं भणि-
स्सामि ॥ २९ ॥

### ભાવાર્થ

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે મનઃ પર્યાપ્ત શિવાયની બાકીની પાંચ પર્યાપ્તિ હોય છે.

સર્વ ચોવીશ દંડકને વિષે છવિશિ એટલે ચારદિશા, નીચેની દિશા અને ઉચી દિશા—એ છદિશાનો આહાર હોયછે. અને પૃથ્વી કાય વિગેરે પાંચ સ્થાવરના દંડકને વિષે ભજના છે એટલે છ દિશિનો આહાર હોય અને ન પણ હોય તે પછી હવે હું ત્રણ સંજ્ઞાનુ દ્વાર કહીશ. ૨૯

## अवचूर्णि,

पूर्वोक्तं पर्याप्तिचतुष्कं भाषापर्याप्त्यधिकं विकलेपर्याप्तिपंचकम् ।

ઉપર કહેલ આહાર, ઇંદ્રિય અને શ્વાસોશ્વાસ—એ ચાર

પર્યાપ્તિમાં ભાષા પર્યાપ્તિ અધિક-ઉમેરતાં વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે પાંચ પર્યપ્તિ હોયછે.

अथ विंशतितममाहारद्वारमाह ।

હવે વીશમું આહારદ્વાર કહેછે.

सर्वेषां जीवानां षट्दिक्क आहारो भवति ।

સર્વ-ચોવીશ દંડકના જીવોને છદિશાનો આહાર હોયછે.

सर्वे जीवा दिक्षट्कस्थानाहारपुद्गलान् गृह्णंतीतिभावः ।

ભાવાર્થ એવો છેકે, સર્વજીવો છદિશાના સ્થાનોના આહારના પુદ્ગલોને ગ્રહણ કરેછે.

पंचदिक्कादिके आहारे भजना ।

પાંચ સ્થાવરના જીવોના દંડકને વિષે ભજનાછે.

यथा लोकांतर्वर्त्तिजीवानां पंचदिक्कः ।

જેમકે લોકની અંદર રહેનારા જીવોને પાંચ દિશિનો આહાર જ હોયછે.

लोकनिष्कूटस्थानां त्रिचतुर्दिक्कः।

લોકના નિષ્કૂટ ભાગમાં રહેલા જીવોને ત્રણ દિશિ તથા ચાર દિશિનો આહાર હોયછે, ૨૯

एकविंशं संज्ञाद्वारमाह ।

હવે એકવીશમું સંજ્ઞાદ્વાર કહેછે.

अथ संज्ञात्रिकं भणिष्यामि ।

હવે હું ત્રણ સંજ્ઞા કહીશ.

## मूल

चउविहसुरतिरियेसुं, निरएसु अदीह काल-
गी सन्ना ।
विगले हेउवएसा, सन्ना रहिया थिरा सव्वे
॥ ३० ॥

### ભાવાર્થ.

ચાર પ્રકારના દેવતા એટલે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવતાના તેર દંડકને વિષે. તિર્યંચના એક દંડકને વિષે અને નારકીના એક દંડકને વિષે—એ પંનર દંડકમાં દીર્ઘકાલિકી[1] સંજ્ઞા હોયછે.

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે એક હેતૂપદેશિકી[2] સંજ્ઞા હોયછે અને પાંચ સ્થાવરના પાંચ દંડકને વિષે એકે સંજ્ઞા હોતી નથી. ૩૦

## अवचूर्णि

चतुर्विधसुरतिर्यक्षु निरयेषुच दीर्घकालिकी संज्ञा ।

ચાર પ્રકારના દેવતાઓના તેર દંડકને વિષે, તિર્યંચના એક દંડકને વિષે અને નારકીના એક દંડકને વિષે દીર્ઘકાલિકી

---

૧ અમુક કામ કર્યું, અમુક કામ કરૂ છુ અને અમુક કામ કરીશ—એમ અતીત, અનાગત અને વર્તમાન—એ ત્રણેકાળનું જ્ઞાન તે દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાયછે.

૨ વર્તમાનકાળને વિષે ઇષ્ટ વસ્તુમાં પ્રવૃત્તિ અને અનિષ્ટ વસ્તુથી નિવૃત્તિ કરવામાં જે વિષય જ્ઞાન હોય તે હેતૂપદેશિકી સંજ્ઞા કહેવાય છે. આ સંજ્ઞાવાળાને કાંઇક મનો જ્ઞાન હોયછે.

સંજ્ઞા હોયછે.

दीर्घोऽतीतानागतवर्त्तमानाविषयः कालो ज्ञेयो यस्या इति व्युत्पत्तेः ।

દીર્ઘ એટલે ભૂત ભવિષ્ય અને વર્તમાન વિષયી કાળ જેમાં જાણવાનો છે, તે દીર્ઘકાલિકી શંજ્ઞા કહેવાયછે. એવી તેની વ્યુત્પત્તિ થાયછે.

विकले हेतूपदेशिकी संज्ञा ।

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે હેતૂપદેશિકી સંજ્ઞા હોયછે.

किंचिन्मनोज्ञानसहिता वर्त्तमानाविषया संज्ञेत्यर्थः ।

કાંઇક મનો જ્ઞાને સહિત એવી વર્તમાનકાળ વિષયી સંજ્ઞા તે હેતૂપદેશિકી સંજ્ઞા કહેવાય એવો તેનો અર્થ છે.

विशिष्टैतत्संज्ञात्रयरहिताः सर्वे स्थिरा ज्ञेयाः ।

બધા સ્થાવર એટલે પાંચ સ્થાવરના પાંચ દંડકના જીવો વિશિષ્ટ એવી ત્રણ સંજ્ઞાથી રહિત છે, એમ સમજવું. ૩૦

मूल

मणु आण दीहकालिय, दिठ्ठीवाओवएसि-
आ केवि ।
पज्ज पण तिरि मणुअच्चिय, चउविह देवेसु
गच्छंति ॥ ३१ ॥

### ભાવાર્થ

મનુંષ્યના એક દંડકને વિષે દીર્ઘકાલિકી સંજ્ઞા હોયછે. અને કેટલા એક (ચૌદ પૂર્વ ધારી વિગેરે) ને દ્રષ્ટિવા દોપ દેશિકા નામની સંજ્ઞા પણ હોયછે.

પર્યાપ્તા પંચેંદ્રિય અને પર્યાપ્તા મનુષ્યના બે દંડકના જીવો ચાર પ્રકારના દેવતાના તેર દંડકને વિષે નિશ્ચે કરીને જાયછે. ૩૧

## अवचूर्णि

**मनुजानां दीर्घकालिकी संज्ञा ।**

મનુષ્યોના એક દંડકને વિષે દીર્ઘકાલિકી સજ્ઞા હોયછે.

**दृष्टिवादोपदेशिकी क्षायोपशमिकादिसम्यक्त सहिताः केपि ।**

કેટલાએક ક્ષાયોપસમિક વિગેરે સમ્યકત્વે સહિત હોવાથી, તેમને દષ્ટિવાદોપદેશિકી સજ્ઞા હોયછે.

**पंचेंडियतिर्यंचोऽप्येतत्संज्ञायुक्ता नवंति ।**

પંચેદ્રિય તિર્યંચના જીવોને પણ એ સંજ્ઞા હોયછે.

**केचित् परमल्पत्वान्न विवक्षिताः ।**

કેટલાએક તો ઘણાંજ અલ્પ જીવ હોવાથી તેઓ અહીં કહેવાને ઇચ્છેલા નથી.

**द्वाविंशंगतिद्वारं त्रयोविंशमागतिद्वारंचाह ।**

હવે બાવીશમું ગતિદ્વાર અને ત્રેવીશમું આ ગતિદ્વાર કહેછે.

**पर्याप्ताः पंचेंडियाश्च तिर्यंचो मनुजाश्च चतुर्विधदेवेषु गच्छंति ।**

પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને પર્યાપ્તા મનુષ્ય-એ બે દંડકના જીવો ભવનપતિ વિગેરે ચાર પ્રકારના દેવતાઓના તેર દંડકને વિષે જાય છે.

**न शेषजीवाः ।**

બાકીના જે જીવો રહ્યા, તે દેવતાના તેર દંડકને વિષે જતા નથી.

એ દેવતાના તેર દંડકને વિષે આગતિદ્વાર કહ્યું ૩૧

**इति देवाना मागति द्वारम् ।**

**अथ देवानां गति द्वारमाह ।**

હવે દેવતાઓના દંડકને વિષે ગતિદ્વાર કહેછે.

## मूल.

**संखाउ पज्ज पणिंदि, तिरि नरेसु तहेव पज्जत्ते ।**

**भूदग पत्तेयंवणे, एएसु च्चिय सुरागमणं ॥ ३२ ॥**

ભાવાર્થ

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા એવા પચેંદ્રિય તિર્યંચ, મનુષ્ય, પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાય-એ પાંચ દંડકના જીવોના વિષે નિશ્ચે દેવતાનું ગમન થાયછે, એટલે તેરદંડકના દેવતાઓ ચ્યવીને એ પાંચ દંડકમાં હે ઉપજે છે, ૩૨

## अवचूर्णि

संख्यातायुःपर्याप्तपंचेंद्रियतिर्यग्नरेषु ।

સંખ્યાતા આયુષ્યવાળા પર્યાપ્તા પંચેંદ્રિય એવા તિર્યંચ અને મનુષ્યોને વિષે.

**तथैव ।** તેમજ

**पर्याप्ताजूदकप्रत्येकवने ।**

પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય, અને પ્રત્યેક વનસ્પતિકાયના જીવોને વિષે,

**एतेष्वेव सुराणामागमनमुत्पादो जवति ।**

એટલે એ પાંચ દંડકમાં દેવતાઓનું આગમન એટલે ઊત્પત્તિ થાયછે.

**इति सुरेषु गत्यागती ।**

એવી રીતે દેવતાના તેર દંડકમાં ગતિદ્વાર અને આગતિદ્વાર સમજવા. ૩૨

**नारकाणां गत्यागती आह ।**

હવે નારકીના જીવોના ગતિદ્રાર અને આગતિદ્વાર કહેછે.

## मूल.

**पज्जत्त संखगब्भय, तिरियनरा निरयसत्तगे जंति ॥**
**निरउवट्टा एएसु उववज्जंति न सेसेसु ॥ ३३ ॥**

ભાવાર્થ

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ અને પર્યાપ્તા એવા

તિર્યંચ અને મનુષ્ય–એ બે દંડકના જીવ સાતે નારકીના દંડકને વિષે જાયછે. અને તે નારકીમાંથી નીકળેલા એવા તે નારકીના જીવ, સખ્યાતા આયુષ્યવાળા પર્યાપ્તા એવા મનુષ્ય અને તિર્યંચ એ બે દંડકને વિષે ઉપજે છે, બાકીના દંડકને વિષે તે ઉપજતા નથી. ૩૩

## अवचूर्णि.

**पर्याप्तसंख्यातायुषो गर्भजतिर्यग्नराः नरकसप्तके यांति ।**

પર્યાપ્તા અને સંખ્યાત આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય–એ બે દંડકના જીવ સાત નારકીમાં જાયછે.

**असन्नि खलु पढममिति वचनात् असंज्ञिनोऽपि प्रथमां पृथिवीं यावद्यांति ।**

" અસંજ્ઞી જીવ નિશ્ચેથી પહેલી નારકી સુધી જાય " એવું શાસ્ત્રનું વચનછે, તેથી અસંજ્ઞી જીવ પણ પેહેલી નારકી સુધી જાયછે.

**परं तेषामिह नाधिकृतत्वात् ।**

પરંતુ તે જીવોનો અહી અધિકાર નથી ( તેથી અહિં કહેલું નથી. )

**नरकादुद्वृत्ताश्च जीवा एतल्लक्षणेषु एतेष्वेव तिर्यङ्नरेषूत्पद्यंते न शेषेषु जीवेषु ।**

નરકમાંથી નીકળેલા જીવ એ કહેલા લક્ષણવાલા એજ તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પન્ન થાયછે. બાકીના જીવોમાં ઉત્પન્ન થતા નથી.

**इति नारक गत्यागती ।**

એવીરીતે નારકીના જીવોનું ગતિદ્વાર તથા આગતિદ્વાર જાણવું ૩૩

अथ पृथ्व्यप्वनस्पतीनां गत्यागती आह ।

હવે પૃથ્વીકાયૂ, અપ્કાય અને વનસ્પતિકાયનું ગતિદ્વાર તથા આગતિદ્વાર કહેછે.

## मूल.

पुढवी आउ वणस्सइ, मज्जे नारयविवज्जि-
याजीवा ।
सव्वे उववज्जंति, नियनियकम्माणुमाणेणं
॥ ३४ ॥

### ભાવાર્થ

પૃથ્વીકાયૂ, અપ્કાય અને વનસ્પતિકાય—એ ત્રણે દંડકની મધ્યે સાત નારકીના એક દંડકના જીવ શિવાય બાકીના ત્રેવીશ દંડકના સર્વ જીવો પોત પોતાના કર્મના અનુમાનથી ઉત્પન્ન થાયછે.—એટલે જે જીવે જેવા કર્મ કર્યા હોય, તે તેવે સ્થાને ઉપજે છે. ૩૪

## अवचूर्णि.

पृथ्व्यप्वनस्पतिकायमध्ये नारकविवर्जिताः सर्वे त्रयोविंशतिदंडकस्था जीवा उत्पद्यंते ।

પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાયના ત્રણ દંડકના જીવોમાં નારકી શિવાના સર્વ ત્રેવીશ દંડકમાં રહેલા જીવો ઉત્પન્ન થાયછે.

निजनिजयथाकृतकारितानुमोदितकर्मणामनुमानेन ।

પોત પેતાના જેમ કરેલા, કરાવેલા અને અનુમોદેલા કર્મોના અનુમાનથી.

**निजनिज इति वदता सूत्रकृता स्वयं कृतं कर्म भुज्यते न परकृतमित्यावेदितम् ।**

સૂત્રકારે મૂળમાં " निज निज " એ પદ મુકેલું છે, તે ઉપરથી એમ જણાવ્યુંછે કે, પોતે કરેલુ કર્મ ભોગવાયછે, બીજાએ કરેલુ ભોગવાતું નથી.

**कर्मानुमानेनेति सत्कर्मणा शुभस्थाने असत्कर्मणाशुभस्थाने ॥ ३४ ॥**

સૂત્રકારે મૂળમાં " कर्मानुमानेन " એપદ મુકેલું છે, તે ઉપરથી એમ જણાવ્યુ છે કે, સત્કર્મ કરવાથી શુભસ્થાનમાં અને નઠારું કર્મ કરવાથી અશુભસ્થાનમાં ઉત્પન્ન થાયછે, ૩૪

**एतेषामेव गतिद्वारमाह ।**

એ ઉપર કહેલા ત્રણ દંડકનું ગતિદ્વાર કહેછે.

## मूल.

**पढवाइ दस पएसु, पढवी आऊ वणस्सई जंति ।**
**वढवाइ दस पण हिय, तेऊ वाऊसु उववाओ ॥ ३५ ॥**

ભાવાર્થ

પૃથ્વી વિગેરે દશ પદ એટલે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય એક મનુષ્ય અને એક તિર્યંચ—એ દશ દંડકને વિષે પૃથ્વીકાય,

અપ્કાય અને વનસ્પતિકાય—એ ત્રણ દંડકના જીવ જાયછે. પૃથ્વી વગેરે દશપદના દશેદંડકમાંથી નીકળેલા જીવો તેઉકાય અને વાયુકાયને વિષે ઉત્પન્ન થાયછે. ૩૫

## अवचूर्णि.

**तस्यैव दंडकत्रयस्य जीवानां गतिद्वारमाह ।**

તે પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાયના ત્રણ દંડકેના જીવોનુ ગતિદ્વાર કહેછે.

**पृथ्व्यादिदशपदेषु अनुक्रमास्थितिषु पृथ्व्यप् वनस्पतिजीवा यांति ।**

પૃથ્વી બગેરે દશપદ કે જે અનુક્રમે રહેલાછે, તેઓમાં પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પક્તિકાયના જીવો જાયછે.

**न नारकसुरेष्वित्यर्थः ।**

નારકી તથા દેવતાના દડકને વિષે તેઓ જતા નથી.

**इति पृथ्व्यपवनस्पतीनां गत्यागती ।**

એપ્રમાણે પૃથ્વીકાય અપકાય અને વનસ્પતિકાય દડકના જીવોનું ગતિદ્વાર તથાં આગતિદ્વાર કહ્યું.

**तेजोवाय्वोरागतिद्वारमाह ।**

હવે તેઉકાય અને વાયુકાય જીવોનું આગતિદ્વાર કહે છે.

**तेजोवाय्वोर्विषये पृथ्व्यादिदशपदेभ्यएव उत्पद्यन्ते जीवाः ॥ ३५ ॥**

તેઊકાય અને વાયુકાયને વિષે પૃથ્વીકાય વગેરે દશપદથીજ જીવ ઉત્પન્ન થાયછે.

अथ तेजोवाय्वोर्गतिमाह ।

હવે તેઊકાય અને વાયુકાય જીવોનું ગતિદ્વાર કહેછે.

## मूल.

तेऊ वाऊ गमणं, पुढवी पमुहम्मि होइ पय
नवगे ।
पुढवाइ ठाण दसगा, विगलाइं तियं तहि
जंति ॥ ३६ ॥

### ભાવાર્થ

તેઊકાય અને વાયુકાય—એબે દંડકના જીવોનું આગમન પૃથ્વીકાય વગેરે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, અને એક તિર્યંચ પચેંદ્રિય—એ નવપદનાં થાયછે પૃથ્વી વગેરે દશ સ્થાન એટલે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, એક તિર્યંચ પચેંદ્રિ અને એક મનુષ્ય—એ દશ સ્થાનકના જીવ ચ્યવીને વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે આવેછે અને ત્રણે વિકલેંદ્રિયના જીવ મરીને એ ઊપર કહેલા દશ દંડકમાં જાયછે. ૩૬

## अवचूर्णि.

तेजोवाय्वोरागमनं पृथिवीप्रमुखे पदनवके ભ-

તેઊકાય અને વાયુકાય જીવોનું આગમન પૃથ્વી વગેરે નવ પદમાં થાયછે.

वति इति तेजोवायुगत्यागती ।

એવી રીતે તેઊકાય અને વાયુકાય જીવોનું ગતિ દ્વાર તથા આગતિ દ્વાર કહ્યું.

**विकलेंद्रियाः पृथिव्यादिदश स्थानेभ्य एवोत्पद्यं ते मृत्वाच तत्रैव यांति नान्यत्र ।**

વિકલેંદ્રિયના ત્રણ દંડકના જીવો પૃથ્વી વગેરે દશ સ્થાનમાંથીજ ઊત્પન્ન થાયછે અને મૃત્યુ પામીને ત્યાંજ જાયછે. બીજે જતાં નથી

**इति विकलगत्यागती ॥ २६ ॥**

એ પ્રમાણે વિકલેંદ્રિય જીવોનુ ગતિદ્વાર તથા આગતિદ્વાર છે.

**अथ गर्भजतिर्यग्मनुष्यानां गत्यागती आह ।**

હવે ગર્ભજ તિર્યંચ તથા ગર્ભજ મનુષ્ય—એ બે દંડકના જીવોનુ ગતિદ્વાર તથા આગતિદ્વાર કહેછે.

## मूल.

**गमणागमणं गभय, तिरियाणं सयलजीव-**
**ठाणेसु ।**
**सव्वत्थ जंति मणुआ, तेउवाउहिं नो जंति**
**॥ ३७ ॥**

### ભાવાર્થ

ગર્ભજ તિર્યંચના દંડકના જીવો બધા જીવના સ્થાનમાં એટલે ચોવીશે દંડકમાં જાયછે અને તેમાંથી આવેછે અને ગર્ભજ મનુષ્યના દંડકના જીવો આવીને ચોવીશે દંડકમાં જાયછે અને તેઊકાય અને વાયુકાય શિવાય બીજા બાવીશ દંડકના જીવ

આવીને મનુષ્યમાંહે આવેછે. ૩૭

## अवचूर्णि

गर्भजतिर्यंचो मृत्वा चतुर्विंशतिदंडकेषु यांति ।

ગર્ભજ તિર્યંચ જીવ મૃત્યુ પામીને ચોવીશે દંડકમાં જાયછે.

चतुर्विंशतिदंडकेभ्यश्चोत्पद्यंते ।

અને ચોવીશે દંડકમાંથી ઊત્પન્ન થાયછે,

इति गर्भजतिर्यङ् गत्यागती ।

એવી રીતે ગર્ભજ તિર્યંચના જીવોનું ગતિદ્વાર અને આગતિદ્વાર કહ્યું.

मनुजा मनुष्याः सर्वत्र यांति ।

મનુષ્યો બધા ચોવીશે દંડકમાં જાયછે.

सर्वत्रेति वचनबलात् चतुर्विंशतिदंडकजीवेषु कालक्षेत्रसंहननसद्भावेच सिद्धावपियांति ।

મૂલમાં સર્વત્ર એવું પદ મુકેલુ છે, તેના બલથી ચોવીશ દંડકના જીવોમાં અને કાલ, ક્ષેત્ર તથા સંઘયણનો યોગ થતાં તેઓ સિદ્ધિમાં પણ જાયછે.

आयांतश्च मनुजास्तेजोवायुवर्जितेभ्यो द्वाविंशतिदंडकेभ्यः समायांति ।

ત્યાંથી ચ્યવીને આવતા મનુષ્યો તેઊકાય અને વાયુકાય—એ બે દંડક શિવાય બાકી ના બાવીશ દંડકોમાંથી આવેછે.

इति समर्थिते सविस्तरं गत्यागति द्वारे ।

એવી રીતે ગતિદ્વાર અને આગતિદ્વાર વિસ્તારથી કહેવામાં આવ્યા

अथ चतुर्विंशं वेदद्वारमाह ।

હવે ચોવીશમું વેદદ્વાર કહેછે.

मूल

वेयतियतिरिनरेसु, इत्थी पुरिसो अचउविह सुरेसु ।
थिर विगल नारएसु, नपुंसवेओ हवाइएगो ॥ ३८ ॥

ભાવાર્થ

પંચેદ્રિય તિર્યંચ અને મનુષ્ય—એ બે દંડકને વિશે સ્ત્રીવેદ પુરૂષવેદ અને નપુસકવેદ—એ ત્રણે વેદ લાભે છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક—એ ચાર પ્રકારના દેવતાના તેર દંડકને વિષે નપુસક વેદ શિવાય સ્ત્રીવેદ અને પુરૂષવેદ—એ બે વેદ લાભે છે. પાંચ સ્થાવરના પાંચ દંડક, વિકલેદ્રિયના ત્રણ દંડક અને નારકીનો એક દંડક—એ તેર દંડકને વિષે એક નપુંસક વેદજ હોયછે. ૩૮

अवचूर्णि

वेदत्रिकं तिर्यङ्नरेषु ।

પચેદ્રિય તિર્યંચ અને મનુષ્યને વિષે સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ— ત્રણે વેદ હોયછે.

स्त्रीवेदः पुरुषवेदश्च चतुर्विधसुरेषु ।

ચાર પ્રકારના દેવતાના તેર દંડકને વિષે સ્ત્રીવેદ અને પુરૂષવેદ બે વેદજ હોયછે.

स्थिरविकलनारकेषु नपुंसकवेद एक एव भवति ।

પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય અને નારકીના એક દંડકમાં એકલો નપુંસકવેદજ હોયછે. ૩૮

अथ संक्षिप्तसंग्रहणीगाथाद्वयानुक्तमपि सोपयोगित्वात्किंचिज्जीवाल्पबहु दर्श्यते ।

હવે સંક્ષિપ્ત સંગ્રહણીની બેગાથામાં કહ્યુ નથી, તોપણ કાંઇક ઉપયોગી હોવાથી જીવોનુ અલ્પ બહુત્વ દ્વાર દર્શાવેછે.

मूल,

पज्जमणुबायरग्गी, वेमाणिय भवणनिरय वितरिआ ।
जोइसचउपणतिरिआ, बेइंदिय तेंदियभूआउ ॥ ३९ ॥
वाउ वणस्सइ च्चिय, अहिया अहिया कमेण मे हुंति ।
सव्वेवि इमे भावा, जिणा मएणंतसोपत्ता ॥ ४० ॥

ભાવાર્થ

સર્વથી થોડા ગર્ભજ પર્યાપ્ત મનુષ્યો છે; તેથી બાદર અગ્નિકાયના જીવ અધિક છે, તેનાથી વૈમાનિક દેવતા અધિક છે.

તેનાથી ભવનપતિના દશ દંડકના જીવ અધિક છે, તેનાથી સાત નારકીના જીવ અધિક છે,તેનાથી વ્યંતર દેવતા અધિક છે, તેનાથી જ્યોતિષ દેવતા અધિક છે, તેનાથી ચૌરીંદ્રિય જીવ અધિક છે, તેનાથી પચેંદ્રિય તિર્યંચના જીવ અધિક છે, તેનાથી બેઈંદ્રિય જીવ અધિકછે, તેનાથી તેરિંદ્રિય જીવ અધિક છે, તેનાથી પૃથ્વીકાયના જીવ અધિક છે, તેનાથી અપ્કાયના જીવ અધિક છે, તેનાથી વાયુકાયના જીવ અધિક છે, તેનાથી વનસ્પતિકાયના જીવ અધિક છે—એવી રીતે અનુક્રમે એક એકથી અધિક જાણવા. ૪૦

## अवचूर्णि

**पज्जुतिपदं बायरत्तिपदंच वदतः सूत्रकृतोऽयमाशयो यदहं पर्याप्तबादरजीवविषयमेवाल्पबहुत्वं वदिष्यामि नो पर्याप्तसूक्ष्मविषयमिति।**

" पज्ज बायर " એ બે પદ કહેનારા સૂત્રકારનો એવો આશય છે કે, જે આ અલ્પ બહુત્વ દ્વાર પર્યાપ્તા અને બાદર જીવ સંબંધી છે તે હું કહીશ, અપર્યાપ્તા અને સૂક્ષ્મ જીવ સંબંધી કહીશ નહીં.

**इह संसारे स्तोकः पर्याप्तमनुष्याः ।**

આ સંસારમાં પર્યાપ્ત મનુષ્યના જીવો સર્વથી થોડા છે

**मनुष्येभ्यो बादराग्निजीवाः असंख्यातगुणाः।**

મનુષ્યના જીવોથી બાદર અગ્નિકાયના જીવ અસંખ્ય ગણાછે.

**एभ्यो वैमानिका असंख्यातगुणाः ।**

તે બાદર અગ્નિકાયના જીવોથી વૈમાનિક દેવતા અસંખ્ય ગણાયછે.

**एभ्यो भवनपतयोऽसंख्यातगुणाः ।**

એ વૈમાનિક દેવતાથી ભવનપતિ દેવતા અસંખ્યાતા ગુણવાળા છે.

एभ्यो नारका असंख्यातगुणाः ।

ભવનપતિ દેવતાથી નારકીના જીવ અસંખ્યાતા ગુણવાળા છે.

एभ्यो व्यंतरा असंख्यातगुणाः ।

નારકીના જીવોથી વ્યંતર દેવતા અસંખ્યાતા ગુણવાળા છે.

एभ्यो ज्योतिष्काः संख्यातगुणाः ।

એ વ્યંતર દેવતાઓથી જ્યોતિષી દેવતાઓ સંખ્યાતા ગુણવાળાછે.

एभ्यश्चतुरिंद्रियाः संख्यातगुणाः ।

જ્યોતિષી દેવતાઓથી ચૌરીંદ્રિય જીવસંખ્યાતા ગુણવાળાછે.

एभ्यः पंचेंद्रिया स्तिर्यंचो विशेषाधिकाः ।

એ ચૌરીંદ્રિય જીવોથી પંચેંદ્રિ તિર્યંચના જીવ વિશેષ અધિક છે.

एभ्यो द्वींद्रिया विशेषाधिकाः ।

પચેંદ્રિય તિર્યંચના જીવોથી બેંદ્રિય જીવ વિશેષ અધિક છે.

एभ्यस्त्रींद्रिया विशेषाधिकाः ।

બેંઈદ્રિય જીવથી તેંદ્રિય જીવ વિશેષ આધક છે.

एभ्यः पृथ्वीकाया विशेषाधिकाः ।

તેંદ્રિય જીવોથી પૃથ્વીકાય જીવ વિશેષ અધિક છે.

ततोऽप्‌काया विशेषाधिकाः ।

પૃથ્વીકાય જીવોથી અપ્‌કાય જીવ વિશેષ અધિક છે.

अप्‌कायकेभ्यो वायुकायका असंख्यातगुणाः ।

અપ્‌કાય જીવથી વાયુકાય જીવ અસંખ્યાતા ગુણવાળા છે.

ततो वनस्पतयोऽनंतगुणाः ।

તે વાયુકાય જીવથી વનસ્પતિકાય જીવ અનંત ગણા છે.

संख्यातगुणेन असंख्यातगुणेन अनंतगुणेनच यथासंभवमिमे जीवाः क्रमेणाधिका भवंति ।

આ જીવો સંખ્યાતા ગુણથી, અસખ્યાતા ગુણથી અને અનંત ગુણથી જેમ સભવે તેમ અનુક્રમે અધિક થાયછે.

अथ ग्रंथकारो जिनान् स्तौति ।

હવે ગ્રંથકાર જિનેશ્વરોની સ્તુતિ કરે છે.

सर्वेऽपि च इमे पूर्वोक्ता भावाः तेषु तेषु जीवस्थानकेषु गमनागमनरूपाः हे जिनाः मया भवे भ्रमता अनंतशः अनंतकृत्वः प्राप्ताः यथा मया तथान्यैरपि जीवैः ।

હે જિનેશ્વર ભગવંત, આ સંસારમાં અનંત વાર ભમતા એવા મે તે તે જીવોના સ્થાનકોમાં જવા આવવા રૂપ એવા પૂર્વે કહેલા સર્વ ભાવો ( બનાવો ) અનત વાર પ્રાપ્ત કરેલા છે જેવી રીતે મેં પ્રાપ્ત કરેલા છે, તેવી રીતે બીજા જીવોએ પણ પ્રાપ્ત કરેલા છે.

एतेन स्वामिनः पुरः स्वदुःखं निवेदितं ।

આ કહેવાથી ગ્રથકારે પ્રભુની આગળ પોતાનું દુઃખ નિવેદન કરેલ છે. ૪૦

अथ तद्विमोचनलक्षणां प्रार्थनामाह ।

હવે ગ્રંથકાર તે જીવના સ્થાનોમાં રહેલા ગમનાગમનરૂપ ભાવમાંથી છુટવા માટે પ્રાર્થના કરે છે.

## मूल

संपइ तुम्ह भत्तस्स, दंडगपयभमणभग्ग-
हिययस्स ।
दंडतियविरहसुलहं, लहु मम दिंतु मुक्खप-
यं ॥ ४१ ॥

### ભાવાર્થ

હેજિનેશ્વરો, હમણા એ ચોવીશ દંડક રૂપ પદમાં ભ્રમણ કરવાથી જેનું મન ભગ્ન થઈ ગયુ છે એવા આ તમારા ભક્તને મનોદંડ, વચનદંડ અને કાયદંડ— એ ત્રણે દંડના વિરામથી સુલભ એવું મોક્ષ પદ મને સત્વર આપો. ૪૧

## अवचूर्णि

हे जिना इति पदं पूर्वस्थितमिहापि गृह्यते ।
तेन हे जिनाः संप्रति इह भवे भवतां भक्तस्य
त्रिकरणशुद्ध्या भक्तिमतः ।

તેથી હે જિનો, સંપ્રતિ એટલે હમણાં આ ભવને વિષે તમારા ભક્ત એટલે મન, વચન અને કાયાની શુદ્ધિ વડે તમારી ભક્તિ વાળા એવો.

दंडकपदेषु सूक्ष्मबादरपर्याप्तापर्याप्तरूपेषु
भ्रमणं पुनः पुनर्गत्यागतिरूपं तस्माद्भग्नं नि-
वृत्तं हृदयं मनोयस्य एवंविधस्यमम विज्ञप्तिकर्त्तुः ।

ભ્રમણ એટલે વારંવાર જવું આવવું. તેમાથી જેનુ હૃદય

ભગ્ન થયેલું છે એવો વિજ્ઞપ્તિ કરનાર જે હું તેને.

**दंडत्रिकात् मनोवाक्कायानर्थप्रवृत्तिरूपाद्विर-तानां सुलभं सुप्रापं दंडत्रिकविरतसुलभं ।**

મન વચન અને કાયાના અનર્થમાં પ્રવર્ત્તવા રૂપ ત્રણ દંડથી વિરામ પામેલા પુરૂષોને સુલભ એટલે સારી રીતે પ્રાપ્ત કરી શકાય એવા.

**मोक्षपदं लघु शीघ्रं भवंतो ददतु वितरंतु ॥४१॥**

મોક્ષપદને તમે શીઘ્ર આપો ૪૧

**ग्रंथकारः स्वनाम कथयति ।**

**ગ્રંથકર્ત્તા પોતાનું નામ કહેછે.**

**मूल.**

## सिरि जिणहंस मुणीसर, रज्जे सिरिधवल-चंदसीसेण ।
## गजसारेण लिहिया, एसा विन्नत्ति अप्पहि-या ॥ ४२ ॥

ભાવાર્થ

જ્ઞાનાચાર વગેરેની લક્ષ્મીથી યુક્ત એવા શ્રી જિનહંસ નામના આચાર્યના રાજ્યને વિષે શ્રી ધવલચંદ્ર નામના ઉપાધ્યાયના શિષ્ય ગજસાર નામના મુનિએ શ્રી વીર શાસનના નાયકને પોતાના આત્માના હિતને અર્થે આ વિજ્ઞપ્તિ રચેલી છે. ૪૨

# अवचूर्णि

श्रीजिनहंससूरिनामानो ये श्रीजिनसमुद्रसूरि पट्टप्रतिष्ठिताः मुनीश्वराः खरतरगच्छाधिपतयः ।

શ્રી જિન સમુદ્ર સૂરિના પટ્ટ ઉપર બેઠેલા શ્રી જિનહંસ સૂરિ નામના ખરતર ગચ્છના અધિપતિ જે આચાર્ય.

तेषां राज्यं गच्छाधिपत्यलक्षणं तस्मिन् ।

તેઓનું રાજ્ય ગચ્છનું અધિપતિપણું તેને વિષે.

विजयसिद्धांतिकशिरोमणीनां श्रीधवलचंद्रगणीनां शिष्येण संविग्नपंडिताभयोदयगणि लालितपालितेन गजसारगणिना नाम्ना साधुना ।

વિજય સિદ્ધાંતીઓમાં શિરોમણિ રૂપ શ્રીધવલચંદ્ર ગણીના શિષ્ય અને સંવેગી પંડિત અભયોદયગણીએ લાલનપાલન કરેલા ગજસાર ગણિ નામના સાધુએ

एषा विचारषट्त्रिंशिकारूपा श्रीतीर्थंकृतां विज्ञप्तिर्लिखितेतिपदेनौद्धत्यं परिहृतं ।

આ વિચાર ષટ્ત્રિંશિકા રૂપ શ્રી તીર્થંકરોને વિજ્ઞપ્તિ લખેલી છે. લખેલી છે એ પદથી ગ્રંથકારે પોતાનું ઉદ્ધતપણું છોડી દીધું છે.

यद्वा पूर्वं यंत्रपत्रतया लिखिता ततः सुगमतायै सूत्रतया गुंफिता इत्यर्थः ।

યદ્વા પૂર્વે ( પહેલા ) યંત્ર પત્ર રૂપે લખેલી અને તેપછી સુગમતાને માટે સૂત્ર રૂપે ગુંથેલી છે, એવો અર્થ પણ થાય.

किंभूता ।

તે વિચાર ષટ્ત્રિંશિકા કેવી છે ?

आत्महिता अनेन भवति हि धर्मः श्रोतुः स-
र्वस्यैकांततो हितश्रवणात् ।

આત્માને હિતકારી છે. એટલે એનાથી એકાંતે હિતનું શ્રવણ કરવાથી સર્વ શ્રોતાને ધર્મ થાયછે.

ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकांततो भवन्तीति
सूक्तं स्थापितम् ।

અનુગ્રહ બુદ્ધિવડે વક્તા—કહેનારને એકાંતે ધર્મ થાયછે. એ પ્રમાણે સારી રીતે કહેલું સ્થાપિત કરેલુ છે. ૪૨

मूल

निधिमुनिशरेंदुसंवल्लिपीकृता पत्तनेऽवचर्णि-
रियम् ।
संशोध्या धीमद्भिर्मत्वेदं बालचापल्यम्
॥ १ ॥

ભાવાર્થ

સવત ૧૫૭૯ ના વર્ષમાં પાટણ નગરને વિષે આ અવચુર્ણી લખેલી છે તેને બાલકની ચપલાયમાની બુદ્ધિમાન્ પુરુષોએ શોધી લેવી. ૧

इति दंडकप्रकरणस्यावचूर्णिः समाप्ता ।

# शुद्धिपत्रम्

| अशुद्ध | शुद्ध | पृष्ठ | पंक्ति. |
|---|---|---|---|
| प्रणीधाय | प्रणिधाय | १ | ६ |
| कूर्वे | कुर्वे | १ | ७ |
| सन्नासं गाण | सन्ना संगाण | ५ | १३ |
| વક્રિય | વૈક્રિય | ૬ | ૨૦ |
| —द्यात्रिधा | —दात्त्रिधा | ६ | २३ |
| અર્દ્ધ | અર્દ્ધ | ૭ | ૧૦ |
| દરશો | દર્શા | ૭ | ૧૩ |
| સમુદ્રધાત | સમુદ્‌ઘાત | ૮ | ૨૦—૨૬ |
| ज्त्यसा मृषा | असत्य मृषा | १० | १८ |
| સંખ્ય | સંખ્યા | ૧૨ | ૧૯ |
| दिग्म्य | दिग्न्य | १३ | १ |
| સ'જ્ઞા | સંજ્ઞા | ૧૩ | ૬ |
| હેતુવાદોપદેશિની | હેતુવાદોપદેશિકી | ૧૩ | ૧૯ |
| अवतारयीत | अवतारयति | १४ | ११ |
| वेअव्विय | वेउव्विय | २० | १२ |
| વક્રિય | વૈક્રિય | ૨૦ | ૧૬ |
| —ऽतर्मुहुर्त्ता | —ऽतर्मुहुर्ता | २० | १८ |
| अंत्त | अंत | २१ | ६ |
| આતં | આંત | ૨૧ | ૧૯ |

| | | | |
|---|---|---|---|
| ढेवट्ठा | ढेवठं | २१ | ३ |
| वर्गा | वग्गं | २१ | ४ |
| સંઘયણુ | સઘયણુ | ૨૨ | ૮-૧૧-૧૬ |
| --ज्ञरसा | —ज्ञरंसा | २३ | १५ |
| न्यानेन | न्यायेन | २४ | १३ |
| -पकाय | -पकाया | २५ | ७ |
| सवेपि | सवेवि | २६ | १० |
| मित्यत्ती | मिच्छत्ती | ३१ | ४ |
| ज्ञणिय | ज्ञणियं | ३१ | ५ |
| ચતુદર્શન | ચક્ષુદર્શન | ૩૩ | ૧૧ |
| दंर्शनिनः | दर्शिनः | ३४ | ६ |
| निरण | निरए | ३४ | १६ |
| ज्ञवंत्ति | ज्ञवति | ३५ | १३ |
| वमता | वमतां | ३५ | २२ |
| योय | योग | ३७ | २ |
| दंदक | दंडक | ३९ | १० |
| उपयाग | उपयोग | ४० | ११ |
| रज्जात्मके | रज्जवात्मके | ४१ | ७ |
| निच्च | नित्य | ४१ | २१ |
| असुगण | असुगणं | ४५ | १७ |

| | | | |
|---|---|---|---|
| पदिण | पणदिए | ४५ | २० |
| सहस्त्र | सहस्र | ४८ | ७ |
| हुंत | हुंति | ४८ | १६ |
| પર્યાપ્ત | પર્યાપ્ત | ૪૯ | ૧૮ |
| છનિશિ | છદિશિ | ૫૦ | ૧૩ |
| આહાર, ઇંદ્રિય | આહાર, શરીર ઇંદ્રિય | ૫૦ | ૨૧ |
| પર્યાપ્તિ | પર્યાપ્તિ | ૫૧ | ૧ |
| પયાપ્તિ | પર્યાપ્તિ | ૫૧ | ૧ |
| लोकात | लोकान्त | ५१ | १३ |
| निरएसु अदीह | निरए सुअदीह | ५२ | २ |
| સજ્ઞા | સંજ્ઞા | ૫૨ | ૨૦ |
| શજ્ઞા | સજ્ઞા | ૫૩. | ૫ |
| दिठ्ठी | दिठी | ५३ | १७ |
| દેશિકા | દેશિકી | ૫૪ | ૩ |
| શિવાના | સિવાયના | ૫૮ | ૧૮ |
| पढवाइ | पुढवाइ | ५९ | १६ |
| पढवी | पुढवी | ५९ | १६ |
| वढवाइ | पुढवाइ | ५९ | १७ |
| વિશે | વિષે | ૫૯ | ૨૨ |
| पृष्ठ्यप | पृष्ठ्यप् | ६० | १४ |
| तेजोवाद्यो | तेजोवाय्वो | ६० | १७-२० |
| तेजोवाद्यो | तेजोवाय्वो | ६१ | १-१७ |

| | | | |
|---|---|---|---|
| वामुकाय | वायुकाय | ६१ | ७ |
| तिह | तिहिं | ६१ | ६ |
| પાનીને | પામીને | ૬૩ | ૫ |
| हवाइ | हवइ | ६४ | ८ |
| गाथाद्दया | गाथाद्वया | ६५ | ७ |
| हेवे | हवे | ६५ | ९ |
| तेंदिय | तेइंदिय | ६५ | १४ |
| स्तोकः | स्तोकाः | ६६ | १६ |
| गृह्यंते | गृह्यते | ६९ | १२ |
| ભક્તિવાલા | ભક્તિવાલો | ૬૯ | ૧૭ |
| सुलसं | सुलज्ञं | ७० | ३ |
| नौद्धत्थं | नौद्धत्यं | ७१ | १५ |
| ज्ञवन्तीति | ज्ञवतीति | ७२ | ७ |
| ચપલાય | ચપલતા | ૭૨ | ૧૭ |